SATURDAY
૨૦-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા સુદ ૦૮
અંક : ૧૧૬
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### મહાનગરપાલિકામાં આ વખતે જામશે ત્રીપાંખીયો જંગ : તમામ પક્ષના દિગ્ગજોએ રેલીઓ અને સભાઓ ગજવી

# મનપા ચૂંટણી જંગનો શોરબકોર શાંત : આજે કતલની રાત

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં અમદાવાદ રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર મહાનગરપાલિકામાં ૨૧ ફેબ્રુઆરીના રોજ મતદાન યોજાવાનું છે ત્યારે શુક્રવાર સાંજે ૫ વાગ્યા બાદ ચૂંટણી પ્રચાર પડઘમ શાંત ગયો હતો. આ પહેલા ભાજપ અને કોંગ્રેસ સહીત રાજકીય પાર્ટીઓ દ્વારા મતદારોને આકર્ષવા માટે એડી ચોટીનું જોર લગાવ્યું હતું. રાજ્યમાં અમદાવાદ રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર મહાનગરપાલિકામાં ૨૧ ફેબ્રુઆરીના રોજ મતદાન યોજાવાનું છે ત્યારે શુક્રવારે સાંજે પાંચ વાગ્યા બાદ ચૂંટણી પ્રચાર પડઘમ શાંત થઈ ગયો છે. આ છ શહેરમાં સંપૂર્ણ આચારસંહિતાનો અમલ કરવાનો રહેશે. જેથી જાહેરમાં કોઈ પણ સભા કે રેલી કરી શકાશે નહીં અને સાંજના પાંચ વાગ્યાથી તમામ રાજકીય પક્ષો ડોર ટુ ડોર પ્રચારમાં જોડાશે. રાજ્યની અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, રાજકોટ અને ભાવનગર કોર્પોરેશનમાં ૨૧ તારીખે મતદાન છે. ત્યારે કુલ ૧૪૪ વોર્ડમાં ૨૭૬ ઉમેદવારો ચૂંટણી મેદાને છે આ ૨૨૭૬ ઉમેદવારોનું ભાવિ ૨૧ ફેબ્રુઆરીના રોજ ઈવીએમ મશીનમાં સીલ થશે. લોકો મતદાનનો ઉપયોગ કરશે જ્યારે જૂનાગઢ કોર્પોરેશનના બે વોર્ડની પેટા ચૂંટણીમાં કુલ ૯ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

આ ઉપરાંત જૂનાગઢ કોર્પોરેશનના બે વોર્ડની પેટા ચૂંટણીમાં ૧૪ લોકોએ ઉમેદવારી નોંધાવી હતી.



**નીતિન પટેલના મતે પેટ્રોલ-ડિઝલ પરનો ટેક્સ ગુજરાતમાં સૌથી ઓછો, વેટ ઓછો હોવાથી રાજ્યની પ્રજા પર કોઇ બોજો આવ્યો જ નથી**

જેમાંથી ત્રણ અમાન્ય રાખવામાં આવી છે અને ૧૧ ઉમેદવારી માન્ય રાખવામાં આવી છે જ્યારે એક બેઠક બિનહરીફ પણ જાહેર થઈ છે જે અમદાવાદ કોર્પોરેશનની છે. જ્યારે ૯૨ જેટલા ઉમેદવારોએ તેઓના ફોર્મ પરત ખેંચ્યા હતા. રાજકીય પક્ષોની જો વાત કરવામાં આવે તો ૬ કોર્પોરેશનમાં દસ જેટલા રાજકીય પક્ષો ચૂંટણી મેદાનમાં છે. જેમાં મુખ્યત્વે ભારતીય જનતા પાર્ટી (ભાજપ), ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (કોંગ્રેસ), આમ આદમી પાર્ટી(આપ), નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી) વચ્ચે અનેક બેઠકો પર સીધી ટક્કર છે. અન્ય પક્ષોમાં બહુજન સમાજ પાર્ટી (બીએસપી), ભારતીય સામ્યવાદી પક્ષ (સીપીઆઈ), ભારતનો સામ્યવાદી પક્ષ, સમાજવાદી પાર્ટી (એસપી) જનતાદળ સેક્યુલર (જેડીએસ) અને ગુજરાતમાં સૌપ્રથમ વખત ચૂંટણી મેદાને ઝંપલાવી રહેલી ઑલ ઈન્ડિયા મજલીસ -એ- ઈત્તહુદુલ મસ્લીમીન (એઆઈએમઆઈએમ) સહિતના અન્ય અને અપક્ષ ઉમેદવારોએ પણ કોર્પોરેશનની ચૂંટણીમાં દાવેદારી નોંધાવી છે.

૨૧ ફેબ્રુઆરીના રોજ ૬ મહાનગરપાલિકામાં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ૨૧ ફેબ્રુઆરીના રોજ ૬ મહાનગર પાલિકામાં મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે જેમાં કુલ ૧,૧૪,૬૭,૩૫૮ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ મતદારોમાં કુલ ૬૦,૬૦,૫૪૦ જેટલા પુરુષો અને ૫૪,૦૬,૨૭૯ મહિલા મતદાર અને ૫૩૯ ટ્રાન્સજેન્ડર મતદાર નોંધાયા છે. આમ, કુલ ૧,૧૪,૬૭,૩૫૮ જેટલા મતદારો ૬ કોર્પોરેશન ચૂંટણીમાં મતદાન કરશે. તેમાંથી સૌથી વધુ ટ્રાન્સજેન્ડર મતદાર ૨૦૪ની સંખ્યા સાથે વડોદરા પ્રથમ સ્થાને છે. આમ, કુલ ૧,૧૪,૬૭,૩૫૮ જેટલા મતદારો ૬ કોર્પોરેશનની ચૂંટણીમાં મતદાન કરશે.

### એક જ દિવસે મતગણતરી કરવાની કોંગ્રેસની અરજી હાઈકોર્ટે ફગાવી

**કોંગ્રેસ જઈ શકે છે સુપ્રિમમાં**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અલગ-અલગ દિવસે મતગણતરી કરવા મુદ્દે દાખલ થયેલી અરજી હાઇકોર્ટે ફગાવી દીધી છે. અરજદારે મહાનગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયત તેમજ પાલિકાની મતગણતરી એકસાથે કરવાની માંગ કરી હતી. પરંતુ હાઇકોર્ટે આ અરજી ફગાવી દીધી છે. આથી હવે ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ જ મતગણતરીની પ્રક્રિયા હાથ ધરાશે. જે મુજબ ૨૩ ફેબ્રુઆરીએ મહાનગરપાલિકાની મતગણતરી થશે. જ્યારે કે ૨ માર્ચના રોજ જિલ્લા અને તાલુકા પંચાયત તેમજ પાલિકાની મતગણતરી હાથ ધરાશે. મહત્વનું છે કે હાઇકોર્ટમાં અરજી દાખલ થયા બાદ ચૂંટણી પંચે કુલ ૩૦૩ પાનાનું સોગંદનામું હાઇકોર્ટમાં રજૂ કર્યું છે, જેમાં તેમણે બંધારણના કોઇ હકને નુકસાન ન થતું હોવાનું જણાવ્યું છે. મહાનગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયત તેમજ પાલિકાની મતગણતરી એકસાથે કરવાની માંગ કરી છે. હાઈકોર્ટે મહત્વનો નિર્ણય સંભળાવતા જણાવ્યું કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહાનગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની મત ગણતરી એક જ તારીખે નહીં થાય. લાખો લોકો મત આપવાના છે પરંતુ કોરોના વાયરસ મહામારીના કારણે લાખો ઘરો સુધી મતદારોને મતદાન મથકનું સરનામું અને બૂથ નંબર દર્શાવતી સ્લીપનું વિતરણ કરવાનું કામ કરવામાં આવશે નહીં. ચૂંટણી આયોગે કર્મચારીઓને ચેપ લાગે તે ભયથી આ નિર્ણય લીધો છે.

## ડીઝલના ભાવમાં થયો અસહ્ય વિકાસ : સતત ૧૧મા દિવસે પણ ભાવમાં વધારો ઝીંકાયો

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૯

પેટ્રોલ અને ડીઝલના પ્રતિદિવસ ચિંતાજનક રીતે વધતા જઈ રહ્યા છે. આગામી દિવસમાં ગુજરાતમાં પણ ૫ ેટ્રોલ અને ડીઝલના ભાવ સદી ફટકારી શકે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. તો દેશના કેટલાક વિસ્તારોમાં તો ૫ ેટ્રોલ સદી ફટકારી ચૂક્યું છે તો ડીઝલ પણ સદી ફટકારવા તરફ વધી રહ્યું છે.

દેશમાં આજે સતત ૧૧મા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ઝીંકાયો છે. શુક્રવારે દિલ્હીમાં પેટ્રોલ ૩૧ પૈસા પ્રતિ લીટર વધીને ૯૦.૧૯ રૂપિયા પર પહોંચી ગયો. જ્યારે ડીઝલ પણ ૩૩ પૈસા વધારા સાથે ૮૦.૬૦ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું છે. હાલમાં લગભગ દરેક શહેરમાં બંને ઈંધણોના ભાવ ઓલ ટાઈમ હાઈ પર ચાલી રહ્યા છે. નોંધનીય છે કે ૫ ેટ્રોલ-ડીઝલના ભાવની સીધી અસર મોંઘવારી પર પડે છે.

જણાવી દઈએ કે, કેન્દ્રની મોદી સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવ વધવા પાછળ પાછલી સરકારોને જવાબદાર ઠેરવીને પોતાના હાથ ઉંચા કરી લીધા છે. પીએમ મોદીએ મધ્યમવર્ગના લોકોની ચિંતા કરતાં કહ્યું કે, પાછલી સરકારોએ યોગ્ય પગલાઓ ભર્યા હોત તો આજે મધ્યમ વર્ગને આટલી મોંઘવારીનો સામનો કરવો પડ્યો ના હોત. જેથી આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં રાહત મળવાના કોઈ સંકેત દેખાઈ રહ્યાં નથી. મોદી સરકારે પેટ્રોલ-ડીઝલ પર લગાવેલા ટેક્સને ઘટાડે તેવી કોઈ જ શક્યતાઓ જોવાઈ રહી નથી.

## કાશ્મીરના શ્રીનગરમાં ફરી આતંકીઓ ધૂણ્યા બેફામ ફાયરિંગમાં બે નાગરિકોના મોત

(જી.એન.એસ.)શ્રીનગર,તા.૧૯

જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગરના બાગત બારજુલ્લા વિસ્તારમાં આતંકીઓએ ધોળાદિવસે ભરબજારમાં પોલીસ ટીમ પર હુમલો કરી દીધો. હુમલામાં બે જવાન શહીદ થઈ ગયા છે. જો કે હજુ તેના પર કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. પોલીસે વિસ્તારની ઘેરાબંધી કરીને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. એક શંકાસ્પદ પણ પકડાયો છે. ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવતા સનસની મચી ગઈ છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે એક આતંકી એકે-૪૭ લઈ બજારમાં ઘૂસે છે અને ત્યાં ઉભેલા પોલીસકર્મી પર પાછળથી ધડાધડ ગોળીઓ વરસાવી દે છે. ત્યારબાદ તે ત્યાંથી ભાગવા લાગ્યો. મીડિયા રિપોર્ટ પ્રમાણે આ હુમલાની જવાબદારી આતંકી સંગઠન ટીઆરએફે



લીધી છે. શ્રીનગરમાં શુક્રવારના રોજ બપોરે આતંકીઓની તરફથી કરાયેલ ફાયરિંગમાં પોલીસના બે જવાન ઘાયલ થયા હતા જેમને હોસ્પિટલમાં દાખલ કરાયા. સારવાર દરમ્યાન બંનેને ડૉકટર્સે મૃત જાહેર કરી દીધા. આની પહેલાં દક્ષિણ કાશ્મીરના બાદીગામ, શોપિયાંમાં આજે મોડી રાત્રે શરૂ થયેલી સશસ્ત્ર અથડામણમાં સવાર પડતા લશ્કર-એ-તોયબાના ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતાં.




## અમેરિકામાં નાગરિકતા બીલ ૨૦૨૧ રજૂ ગ્રીન કાર્ડ મેળવવાનું થશે વધુ આસાન

(જી.એન.એસ)વૉશિંગ્ટન,તા.૧૯

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને મોટું પગલું ઉઠાવતા સંસદમાં અમેરિકન નાગરિકતા બિલ ૨૦૨૧ રજૂ કર્યું છે. જો આ કાયદો બને છે તો આનાથી હજારો ભારતીય આઈટી પ્રોફેશનલ્સને ફાયદો થશે. આના દ્વારા રોજગાર આધારિત ગ્રીન કાર્ડ માટે કોઈ દેશના પ્રવાસીઓની સંખ્યા સીમિત કરવા પર પહેલા લગાવવામાં આવેલો પ્રતિબંધ ખત્મ કરવામાં આવશે. કાયદો બન્યા બાદ એચ-૧ બી વિઝા ધારકોના આશ્રિતોને પણ કામ કરવાની પરવાનગી મળશે.



અમેરિકામાં ટેકનોલોજીના ક્ષેત્રે કામ કરનારા હજારો ભારતીયોને પણ આનો ફાયદો થશે. સંસદના બંને ગૃહ પ્રતિનિધિ સભા અને સીનેટમાં બિલ પસાર થવા અને રાષ્ટ્રતિ જો બાઈડનની સહી થયા બાદ કાયદો બનવાથી દસ્તાવેજ વગર રહેતા અને કાયદેસર રીતે દેશમાં આવેલા લાખો લોકોને નાગરિકતા મળવાનો રસ્તો ખુલશે. સીનેટર બૉબ મેનેંડેઝ અને પ્રતિનિધિ સભાની સભ્ય લિંડા સાંચેઝે સંવાદદાતાઓને કહ્યું કે, અમેરિકન નાગરિકતા કાયદા ૨૦૨૧માં ઈમિગ્રેશન સુધારાની જોગવાઈ કરી છે. આ મહત્વપૂર્ણ પગલાને અંતર્ગત ગ્રીન કાર્ડ માટે ૧૦ વર્ષથી વધારે સમયથી ઈંતઝાર કરી રહેલા પ્રોફેશનલ્સને કાયદેસર રીતે સ્થાયી રીતે રહેવાની મંજૂરી મળી જશે.

## ટાઈમ મેગેઝીનની પ્રતિભાશાળી યુવા નેતાઓની યાદીમાં ચંદ્રશેખર આઝાદ

(જી.એન.એસ.)ન્યૂયોર્ક,તા.૧૯

પ્રતિષ્ઠિત ટાઈમ મેગેઝિને પ્રતિભાશાળી યુવાનોની યાદીમાં ૫ ઇંચ ભારતીય કે ભારતીય મૂળના યુવાઓનો સમાવેશ કર્યો હતો. ધ ૨૦૨૧ ટાઈમ-૧૦૦ નેકસ્ટ નામનું લિસ્ટ ટાઈમે જાહેર કર્યું હતું, જેમાં ભારતીય મૂળના બ્રિટિશ નાણામંત્રી ઋષિ સૂનકથી લઈને યુપીના દલિત નેતા ચંદ્રશેખર આઝાદ સહિતના ૫ ઇંચ ભારતીયોને સ્થાન મળ્યું હતું. આ યાદીમાં ઋષિ સૂનક, વિજયા ગડ્ડે, અપૂર્વા મેહતા, શિખા ગુપ્તા, ચંદ્રશેખર આઝાદનો સમાવેશ થાય છે.

## અમેરિકાનો અંતરીક્ષમાં ડંકો : નાસા દ્વારા મંગળની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ

(જી.એન.એસ.)કેપ કેનવેરલ,તા.૧૯

અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ મંગળ ગ્રહ પર માર્સ પર્સિવરેંસ રોવર મોકલવામાં સફળતા પ્રાપ્ત કરી છે. અમેરિકાની અંતરિક્ષ એજન્સીએ રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે પોતાના માર્સ પર્સિવરેંસ રોવરનો જેજેરા ક્રેટરમાં સફળતાપૂર્વક લૅન્ડ કરાવ્યું. ૬ પૈડાવાળું આ ઓવર મંગળ ગ્રહ પર ઉતરીને ત્યાં અનેક પ્રકારની જાણકારી એકત્ર કરશે અને એવા ખડકોને લઈને આવશે, જેનાથી તે પ્રશ્નોના જવાબ મળી શકશે કે શું લાલ ગ્રહ પર ક્યારેય જીવન હતું.

જેજેરા ક્રેટર મંગળ ગ્રહનું ખુબ જ દુર્ગમ સ્થળ છે. અહીં ઊંડી ઘાટીઓ અને પહાડો છે. તેની સાથે જ અહીં રેતીના ટીલા અને મસમોટા અણિદાર પથ્થર તેને વધુ ખતરનાક બનાવી દે છે. એવામાં પર્સિવરેંસ માર્સ રોવરની લૅન્ડિંગની સફળતા પર સમગ્ર દુનિયાની નજર હતી. રોવરના મંગળ ગ્રહ પર લૅન્ડિંગની સાથે જ અમેરિકા મંગળ ગ્રહ પર સૌથી વધુ રોવર મોકલનારો દુનિયાનો પહેલો દેશ બની ગયો છે. એવું માનવામાં આવે છે કે જેજેરા ક્રેટરમાં પહેલા નદી વહેતી હતી જે એક લેકમાં જઈને મળતી હતી. ત્યારબાદ ત્યાં પંખાના આકારનો ડેલ્ટા બની ગયો. વૈજ્ઞાનિકો તેના માધ્યમથી એ જાણવાનો પ્રયાસ કરશે કે શું મંગળ ગ્રહ પર ક્યારેય જીવન હતું. વૈજ્ઞાનિકોનું માનવું છે કે જો ક્યારેય મંગળ ગ્રહ પર જીવન રહ્યું હતું તો તે ત્રણથી ચાર અરબ વર્ષ પહેલા રહ્યું હશે, જ્યારે ગ્રહ પર ૫ ાણી વહેતું હતું.

## ટેસ્લા માલિક એલન મસ્ક બન્યા ફરી દુનિયાના સૌથી અમીર વ્યક્તિ

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૯

અમેરિકન કાર નિર્માતા કંપની ટેસ્લા અને સ્પેસએક્સના માલિક અલન મસ્ક ફરીથી દુનિયાના સૌથી અમિર વ્યક્તિ બની ગયા છે.

બે દિવસ પહેલા એલન મસ્કને ૫ ાછળ છોડી એમેઝોનના ફાઉન્ડર જેફ બેજોસ પહેલા નંબર પર આવી ગયા હતા. જો કે હવે એલન મસ્કે એક વાર ફરી દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ બન્યા છે. એલનની સંપત્તિ રોકેટની જેમ વધી રહી છે. એલનની સંપત્તિ ૧૯૯.૯ બિલિયન ડોલર થઈ ગઈ છે. હવે બેજોસ નંબર ૨ પર ઘસી ગયા છે. બેજોસની સંપત્તિ ૧૯૪.૨ બિલિયન ડોલર છે.

એલન મસ્તની રોકેટ કંપની સ્પેસએક્સએ આ મહિને રોકાણકારોના સમૂહ સેકિયા કેપિટલથી એક અને ૮૫૦ મિલિયન ડોલર રોકાણ ભેગુ કર્યુ છે. આ બાદ એલન મસ્કની સંપ ત્તિમાં ૧૧૦૦ કરોડ ડોલરની વૃદ્ધિ થઈ છે. ઈન્ડેક્સ અનુસાર કંપનીની રાફઉન્ડ વેલ્યૂ લગભગ ૭૪ બિલિયન ડોલર છે. ઓગસ્ટની સરખામણીએ ૬૦ ટકા વધારો થયો છે. મસ્કની કુલ સંપત્તિ લગભગ ૧૧ બિલિયન ડોલર વધારવામાં મદદ કરી. મસ્કની સંપત્તિ વધીને ૨૦,૦૦૦ કરોડ ડોલર એટલે કે ૧૪.૮૦ લાખ કરોડ થઈ ગઈ છે. ગત ૨૪ કલાકમાં તેમની સંપત્તિ ૯૨૦ કરોડ ડોલર વધી ગઈ છે. ત્યારે આ વર્ષે અત્યાર સુધી તેમની સંપત્તિમાં ૩૦૨૦ કરોડ ડોલરનો વધારો થયો છે.

### સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓમાં ભાજપને ભવ્ય વિજય અપાવી કેન્દ્ર, રાજ્ય અને નગરપાલિકાઓમાં એકસૂત્રતાનો ત્રિવેણી સંગમ રચી વિકાસની ગતિ ઝડપી બનાવીએ

# રાજકોટ મહાનગરપાલિકામાં કેસરિયો લહેરાવવા ભાજપ અગ્રણીઓનો અનુરોધ

       

       

રાજકોટ

આવતીકાલે રવિવારે ૬ નગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ભાજપ અગ્રણીઓ ધનસુખભાઈ ભંડેરી, નીતિનભાઈ ભારદ્વાજ, કમલેશભાઈ મિરાણી, અંજલીબેન રૂપાણી, બીનાબેન આચાર્ય, સાંસદ મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠિયા, રાજુભાઈ ધ્રુવ, જીતુભાઈ કોઠારી, કિશોરભાઈ રાઠોડ, ઉજનકભાઈ કોટક, ઉદયભાઈ કાનગડ, ડો. જયમનભાઈ ઉપાધ્યાય, કશ્યપભાઈ શુક્લએ મતદાતાઓને મોટી સંખ્યામાં મતદાન માટે ઉમટી પડવા હૃદયપૂર્વકની અપીલ કરી છે. તેમણે ભાજપના ઉમેદવારોને ભવ્ય વિજય અપાવી "સબકા સાથ, સબકા વિકાસનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનું અનોખું સપનું મજબૂતપણે સાકાર કરવા મતદાતાઓને આગ્રહભર્યો અનુરોધ કર્યો છે. ભાજપ અગ્રણીઓએ જણાવ્યું છે કે, કેન્દ્રમાં છેલ્લાં છ વર્ષથી ભાજપની સરકાર છે અને ગુજરાતમાં પણ પ્રજાએ લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ભાજપને ફરી હૃદય સિંહાસને બેસાડ્યો છે તેના પરિણામ-સ્વરૂપ આજે ગુજરાતમાં વિકાસની ગાડી પૂરપાટ દોડી રહી છે; હવે નગરપાલિકા ચૂંટણીઓમાં પણ ભાજપના પ્રતિનિધિઓને વિજયી બનાવવાથી સોનામાં સુગંધ ભળશે અને રાજ્યના તમામ નગર શહેરોમાં વિકાસ કાર્યોનો સુભગ સમન્વય રચાશે.

એક નિવેદનમાં ધનસુખભાઈ ભંડેરી, નીતિનભાઈ ભારદ્વાજ, કમલેશભાઈ મિરાણી, અંજલીબેન રૂપાણી, બીનાબેન આચાર્ય, સાંસદ મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠિયા, રાજુભાઈ ધ્રુવ, જીતુભાઈ કોઠારી, કિશોરભાઈ રાઠોડ, જનકભાઈ કોટક, ઉદયભાઈ કાનગડ, ડો. જયમનભાઈ ઉપાધ્યાય, કશ્યપભાઈ શુક્લએ જણાવ્યું છે કે, છેલ્લા અઢી દાયકા દરમિયાન ગુજરાતમાં દરેક ગામ, નગર, શહેરમાં અનેક પ્રજાકીય વિકાસ કાર્યો થયા છે અને થઈ રહ્યા છે. રાજ્યભરમાં રસ્તા, ગટર વ્યવસ્થા, સફાઈ, પાણી પુરવઠા, વીજળી તેમજ શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓના ક્ષેત્રે ભાજપની લોકપ્રિય સરકાર તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા નોંધપાત્ર કામો થયા છે તે હકીકત સર્વવિદિત છે. ગુજરાતનાં વિકાસે દેશભરના લોકોનું ધ્યાન ખેંચ્યું છે અને અન્ય રાજ્યોનાં લોકો ગુજરાત જેવો વિકાસ પોતાના રાજ્યમાં પણ થાય એવી અપેક્ષા રાખી રહ્યા છે તે ગુજરાતની પ્રજાએ ભાજપમાં મુકેલા અનન્ય વિશ્વાસનું પરિણામ છે. ત્યારે ગુજરાતમાં વિકાસની ગાડી ધીમી પડે નહીં પરંતુ, વધુ ઝડપથી દોડે તે માટે રાજ્યની તમામ નગરપાલિકાઓમાં પણ ભાજપને સત્તાના સૂત્રો સોંપવામાં આવે તે જરૂરી છે.

દેશભરના લોકોમાં અનન્ય લોકપ્રિયતા હાંસલ કરનાર ગુજરાતી સપૂત, વિકાસ-પુરૂષ શ્રી નરેન્દ્રભાઈ મોદી સવાસો કરોડ દેશવાસીઓની સુખાકારી માટે દિવસ-રાત એક કરી રહ્યા છે એટલું જ નહીં, દુનિયાભરમાં ભારતવાસીઓનું શિર ઊંચું કર્યું છે અને ભારતમાતાને ગૌરવ અપાવ્યું છે. બીજી તરફ ગુજરાતમાં લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પ્રજાની નાનામાં નાની અપેક્ષા પૂર્ણ થાય એ રીતે સતત કાર્યશીલ છે. સુશાસન તેમજ સુરાજ્ય એ ભાજપના 'વિઝન' અને 'મિશન' છે. ગુજરાતના તમામ નાના-મોટા શહેરો વિકાસનો પર્યાય બને એટલું જ નહીં, એકેએક પ્રજાજન વિકાસનો ભાગીદાર બને એ ભાજપની નેમ છે ત્યારે સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓ અને ખાસ કરીને સુધરાઈ-નગરપાલિકાઓમાં ભાજપનું શાસન હોય તો સરકાર અને પ્રજા વચ્ચે સંકલનનો સેતુ સજ્જડ બને અને કોઈપણ વિકાસ કાર્ય અટકે નહીં.

છેલ્લા સાત દાયકા દરમિયાન જ્યાં જ્યાં કોંગ્રેસે સત્તા મેળવી છે અને શાસન કર્યું છે તે દરેક જગ્યાએ બેફામ ભ્રષ્ટાચાર આચર્યો છે અને ક્યારેય પ્રજાની અપેક્ષાઓ પૂર્ણ કરી નથી; આવી નખશીખ ભ્રષ્ટ કોંગ્રેસને વધુ એકવખત તેનું સ્થાન બતાવી દેવાનો આ અમુલ્ય અવસર છે તે હકીકત નજર સમક્ષ રાખીને મતદાન કરવા લોકોને ધનસુખભાઈ ભંડેરી, નીતિનભાઈ ભારદ્વાજ, કમલેશભાઈ મિરાણી, અંજલીબેન રૂપાણી, બીનાબેન આચાર્ય, સાંસદ મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠિયા, રાજુભાઈ ધ્રુવ, જીતુભાઈ કોઠારી, કિશોરભાઈ રાઠોડ, જનકભાઈ કોટક, ઉદયભાઈ કાનગડ, ડો. જયમનભાઈ ઉપાધ્યાય, કશ્યપભાઈ શુક્લએ અપીલ કરી છે. ભાજપના સુશાસનથી સાચો વિકાસ જોઈએ કે કોંગ્રેસના ભ્રષ્ટાચારથી ખદબદતા અને જાતીવાદી રાજકારણથી પ્રજામાં વર્ગ-વિગ્રહની સ્થિતિ પેદા કરી માત્ર ને માત્ર પોતાના રાજકીય રોટલાં શેકતા દંભી તેમજ સ્વાર્થી તકસાધુઓનું ભ્રષ્ટ શાસન જોઈએ તેનો નિર્ણય સ્થાનિક કક્ષાએ પણ કરવાની આ ઘડી છે.

# ટિકિટની ફાળવણીમાં મહિલાઓને પ્રાધાન્ય : મહિલા સશક્તિકરણની દિશામાં ભાજપ સરકાર અગ્રેસર

### ભાજપના ઉમેદવારોને જંગી લીડથી વિજયી બનાવવા રાજકોટની મહિલાઓનો મક્કમ નિર્ધાર





રાજકોટ

રાજકોટ મહિલા મોરચાનાં પ્રભારી શ્રીમતી અંજલીબેન રૂપાણી અને પ્રદેશ ભાજપ મંત્રી શ્રીમતી બીનાબેન આચાર્ય સહિત ભાજપ મહિલા મોરચાની તમામ માતાઓ, બહેનો, દીકરીઓએ રાજકોટ મહાનગરપાલિકા ચૂંટણીમાં મતદારોને ભાજપનાં તમામ ઉમેદવારોને વિક્રમજનક વિજય અપાવવાની અપીલ કરતા જણાવ્યું છે કે, કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદી અમે રાજયમાં મુખ્યમંત્રી વિજયભાઈની ભાજપ સરકારનાં શાસનમાં દેશની સાથોસાથ સ્ત્રીઓ પણ શક્તિશાળી અને સુરક્ષિત બની છે. છેલ્લાં છ વર્ષમાં પંચાયતથી પાર્લામેન્ટ સુધી રાજકોટ શહેરનાં વિકાસમાં ભાજપ સરકારનો ફાળો બહુમુલ્ય રહ્યો છે. રાજકોટનાં અવિરત વિકાસ માટે ફરી એકવાર ભાજપ સરકારનું ચૂંટાઈ આવવું જરૂરી છે આથી તમામ મતદારો ભાજપ તરફી પ્રચંડ મતદાન કરીને ફિર એક બાર મનપામાં પણ ભાજપા સરકારનાં નિર્માણમાં પોતાની જન ભાગીદારી નોંધાવે એ જરૂરી છે.

મહિલાઓને પાક્કું ઘર, ઘરમાં નળ અને નળમાં જળ નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે. કેન્દ્ર અને રાજ્યની ભાજપ સરકારે સ્ત્રી સશક્તિકરણની દિશામાં અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. આ ઉપરાંત સ્ત્રીઓને સ્વરોજગારી, સ્વાસ્થ્ય, શિક્ષા, સુરક્ષા આપવાની દિશામાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની કામગીરી આશીર્વાદરૂપ રહી છે. બીજી તરફ કોંગ્રેસનાં શાસનમાં મહિલાઓ અસુરક્ષિત, ભયભીત અને અબળા હતી. ૬૦ વર્ષ સુધી કોંગ્રેસે માત્ર ગરીબી હટાવોનો નારો આપ્યો છે જયારે માત્ર ૬૦ મહિનામાં ટૂંકાગાળામાં ભાજપાએ ગરીબી હટવવાની દિશામાં અનેક નિર્ણયો લીધા છે. લોકસભા અને વિધાનસભાની ચૂંટણી બાદ હવે મહાનગપાલિકાની ચૂંટણીમાં પણ મતદારો કોંગ્રેસને હટાવશે.

રાજકોટ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પક્ષનાં શાસન દરમિયાન દરેક મહિલા માટે કેટલીક વિશેષ અને જાહેર સુવિધાઓ પણ ઉભી કરવામાં આવી છે. શહેરની બહેન-દિકરીઓ કોઈપણ પ્રકારના ભય વગર શહેરમાં હરીફરી શકે તેવું વાતાવરણ પણ ઉભું કર્યું છે અને તેને કારણે જ રાજકોટની મહિલાઓ ભાજપનાં શાસકો ઉપર વિશ્વાસ મૂકી આગામી મનપા ચૂંટણીમાં ભાજપનો ભવ્ય જીત અપાવવાનો મક્કમ નિર્ધાર કરી ચૂકી છે. અનેક મહિલાઓએ એવા પ્રતિભાવો આપ્યા છે કે, રાજ્યમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકારે મહિલા સશક્તિકરણની દિશામાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે અને તેના પરિણામસ્વરૂપ આજે સેંકડો મહિલાઓ આત્મનિર્ભર બની છે. રૂપાણી સરકારે મહિલાઓનાં લાભાર્થે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે અને તેનો લાભ ગ્રામિણ અને શહેરી મહિલાઓને મળી રહ્યો છે.

> **રાજકોટમાં ભાજપનાં શાસન દરમિયાન મહિલાઓને વિશેષ સુખસુવિધાઓ મળી, મહિલાઓ માટે સ્વિમિંગ પુલ, લાઈબ્રેરી, ખાસ દિવસોએ બસમાં વિનામૂલ્યે મુસાફરી જેવા અઢળક ઉપહાર**



### પંચાયતથી પાલમિેન્ટ સુધી દેશનાં વિકાસમાં ભાજપ સરકારનો ફાળો બહુમુલ્ય : અંજલીબેન રૂપાણી, બીનાબેન આચાર્ય

રાજકોટમાં મુખ્યમંત્રી વિજયભાઈનાં માર્ગદર્શન હેઠળ ભાજપના શાસકોએ બહેનો માટે જુદા જુદા વિસ્તારોમાં જાહેર સુવિધાઓ ઉભી કરી છે, બહેનો આર્થિક રીતે પગભર બની શકે એ માટેનાં પણ પગલાં પ્રગતિશીલ ભાજપ સરકારે ભર્યા છે. રાજકોટમાં મહિલાઓ માટે અલગ સ્વિમિંગ પુલ, મહિલાઓ માટે હરતી ફરતી લાઈબ્રેરી જેવી અનેક સુવિધાઓ ભાજપ સરકારે ઉભી કરી છે અને અનેક મહિલાઓ તેનો લાભ લઈ રહી છે. આ સિવાય રક્ષાબંધનનાં દિવસે કે પછી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે બહેનો માટે બીઆરટીએસમાં વિનામૂલ્યે મુસાફરીનો ઉપહાર પણ ભાજપના શાસકોએ આપેલો છે. ભારતીય જનતા પક્ષે મહિલાઓને હંમેશા સમાન અધિકારો આપ્યા છે. ચૂંટણીમાં ટિકિટની ફાળવણી કરવાની હોય ત્યારે પણ મહિલાઓને પૂરતા પ્રમાણમાં ટિકિટ આપી છે. હર વખતની જેમ આ વખતની ચૂંટણીમાં પણ સમગ્ર રાજકોટની મહિલાઓ ભાજપના ઉમેદવારોને જંગી મતથી વિજયી બનાવે એવું રાજકોટ મહિલા મોરચાનાં પ્રભારી શ્રીમતી અંજલીબેન રૂપાણી અને પ્રદેશ ભાજપ મંત્રી શ્રીમતી બીનાબેન આચાર્ય એ જણાવ્યું છે.

> **ભાજપનાં શાસનમાં મહિલાઓ પણ શક્તિશાળી અને સુરક્ષિત બની : સ્ત્રીઓને સ્વરોજગારી, શિક્ષા, સ્વાસ્થ્ય, સુરક્ષા આપવાની દિશામાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આશીર્વાદરૂપ કામગીરી : અંજલીબેન રૂપાણી, બીનાબેન આચાર્ય**

# ચક્રવાત ઈમ્પેક્ટ : વાંકાનેર હાઈવે ચોકડીથી લીમડા ચોક સુધીના ખાડા માટીથી પુરાયા



### સિમેન્ટ-કોંક્રિટથી ક્યારે ?

ચક્રવાત ટીમ વાંકાનેર,તા.૨૦

હાઈવે ચોકડીથી લીમડા ચોક સુધીના જીનપરા મેઈન રોડ પર પડેલા સાત ખાડાઓ ચક્રવાતના અહેવાલ બાદ આજે પાલિકાતંત્રએ માટીથી પુર્યા, જેનાથી આ રોડ પર ધુળની ડમરીઓ અને થોડા દિવસગ બાદ જૈસે થે ની સ્થિતિ સર્જાયા પુર્વે આ ખાડાઓને સિમેન્ટ કોંક્રિટથી પુરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

વાંકાનેર શહેરની હાઈવે ચોકડીથી લીમડા ચોક સુધીના અડધો કિમી જીનપરા મેઈન રોડને સાતેક વર્ષ પૂર્વે સિમેન્ટ-કોંક્રીટથી મઢી નવીનીકરણ કરવામાં આવ્યું હતું. મજબૂતીથી બનાવાયેલ આ સી.સી રોડ પર હાઈવે ચોકડીથી લીમડા ચોક સુધીના અડધા કિલોમીટર રોડમાં ભુગર્ભ ગટર ખોદાણ અને રોડ ઉપસી જવાના કારણે સાત જેટલા મોટા ગાબડા પડયા છે. જે ખાડાઓ અહીંથી પસાર થતાં વાહન ચાલકો માટે માથાના દુખાવારૂપ બન્યા બાદ ચક્રવાત ન્યુઝના દ્વારા આઠ ફેબ્રુઆરીના રોજ આ બાબતે અખબારી અહેવાલ પ્રસિધ્ધ કરાયા હતા જેના પડઘા રૂપ સફાળુ જાગેલ વાંકાનેર નગરપાલિકા તંત્ર આ ખાડાઓને માટીથી પુરવા નીકળી પડયું હતું.

આ બાબતે ચક્રવાતના અહેવાલના નવ દિવસ બાદ સફાળું જાગેલ વાંકાનેર નગરપાલિકા તંત્ર વાહન ચાલકો માટે માથાના દુઃખાવા રૂપ બનેલા જીનપરા મેઈન રોડ પરના સાત જેટલા મોટા ખાડાઓ સિમેન્ટ-કોંક્રિટથી પુરવાના બદલે માટીમાંથી પૂરી વાહન ચાલકોની સમસ્યામાં વધારો કર્યો હતો. માટીથી પુર્યા બાદ આ રોડ પર ધુળની ડમરીઓ ઉડી રહી છે. અને વધુમાં આ માટીથી બુરાણ કેટલા સમય ચાલશે ?

બાબતે તાત્કાલિક વાંકાનેર નગરપાલિકા તંત્ર દ્વારા આ રોડ પરના ખાડાઓ સિમેન્ટ-કોંક્રિટથી બુરી અને વાહન ચાલકોને પડતી હાલાકી દુર કરે તેવી લોકમાંગ ઉઠી છે.

# ગીર ગઢડાના નવા જાખીયા ગામ પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત : બે ગંભીર

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૧૯

ગીરગઢડાના બાબરીયા ગામના બે યુવાનો ગીરગઢડા તરફ આવતા હતા. ત્યારે રસ્તા પર પુરઝડપી ચલાવી આવતો કાર ચાલકે બાઈકને હડફેટે લેતા બન્ને બાઈક સવાર યુવાનોને શરીરના ભાગે ગંભીર ઈજા પહોચતા ઈમરજન્સી ૧૦૮ મારફતે ઉના ખાનગી હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ગીરગઢડાના બાબરીયા ગામે રહેતા સરફરાજ મહમદભાઈ બ્લોચ તેમજ સોહીલ બ્લોચ બન્ને કાકા બાપાના ભાઈઓ થતાં હોય આ બન્ને યુવાનો બાઈક પર પોતાના ધરેથી ગીરગઢડા તરફ જતા હતાં. ત્યારે પુર ઝડપે ગફલત ભરી રીતે બે ફીકરાઈથી ચલાવી આવતો કાર નં. જી જે. ૧૦ એસી ૧૪૪૯ ના ચાલકે નવા જાખીયા ગામના બસ્ટેન્ડ પાસે ધડાકાભેર બાઈક સાથે અથડાવી દેતા બાઈક સવાર બન્ને યુવાનોને હાથ તેમજ પગના ભાગેગ ફેક્ચર થેલ હોય અને શરીરના ભાગમાં ગંભીર ઈજા થતાં નીચે લોહીલોહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. આ અકસ્માત સર્જાતા રસ્તા પરથી ચાલતા વાહન ચાલકો એકત્ર થઈ ગયેલા અને ઈમરજન્સી ૧૦૮ ને જાણ કરતા ગીરગઢડાની ૧૦૮ તાત્કાલીક ધટના સ્થળ પર પહોચી જતાં ઉના ખાનગી હોસ્પીટલે ખસેડવામાં ખસેડાયેલ હતા. જ્યા સાહીલને વધુ સારવાર અર્થે રાજકોટ રીફર કરેલ છે. આ અંગેની મહમદભાઈ નુરમહમદભાઈ બ્લોચે ગીરગઢડા પોલીસમાં કાર ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.




# પોરબંદરમાં ચામડીના રોગો માટે નવી ટેકનિકથી સારવાર



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૯

પોરબંદર જિલ્લામાં ચર્મરોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે, ત્યારે પોરબંદરના ધારાસભ્ય બોખીરીયાના પુત્રવધુ ડો. રાજવી રાજશાખાએ પોતાના ક્લિનીકનો પ્રારંભ કરવાની સાથોસાથ પોરબંદર અને બગવદરમાં નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન કર્યું હોવાથી તે અંગે માહિતી આપવા પ્રેસ કોન્ફરન્સ બોખીરાના મહેર સમાજ ખાતે યોજાઈ હતી. પોરબંદરના ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાના પુત્ર આકાશભાઈના પત્ની ડો. રાજવી રાજશાખાએ વડોદરામાં ચર્મતબીબ તરીકેની માસ્ટર ડિગ્રી મેળવ્યા બાદ તાજેતરમાં જ એમ.જી. રોડ પર, ક્રોસ રોડ બિલ્ડીંગ ખાતે તેમના ક્લિનીકનો પ્રારંભ કર્યો છે. ડો. રાજવી રાજશાખા સ્કીન, હેર અને કોસ્મેટીક્સના નિષ્ણાંત તબીબ છે અને તેમણે પોરબંદરમાં મેટ્રોસીટીમાં હોય તે પ્રકારની આધુનિક મશીનરી દ્વારા દર્દીઓને સારવાર આપવાના કાર્યનો પ્રારંભ કર્યો છે, ત્યારે તેમના દ્વારા બે કેમ્પો યોજાવાના છે તેમની માહિતી આપવા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. ડો. રાજવી રાજશાખાએ પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપતા જણાવ્યું હતું કે ચામડીના રોગો અંગે શરમ રાખવી જોઈએ નહીં. તાત્કાલીક સારવાર કરાવવી જોઈએ. મહિલાઓ અને બાળકો માટે ડો. રાજવી રાજશાખા દ્વારા ચામડીના રોગોના નિઃશુલ્ક મેડીકલ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૦ તથા ૨૧ ફેબ્રુઆરીના રોજ બોખીરાની મહેર સમાજની વાડી ખાતે પ્રથમ કેમ્પ યોજાશે. જેમાં સવારે ૧૦ થી સાંજે પાંચ કલાક સુધી દર્દીઓ લાભ લઈ શકશે. આ કેમ્પમાં ચામડીના રોગો જેવા કે દાદર, ખસ ચેપ, ઉંદરી, કોઢ, દાજ, કપાસી, ખીલ, રક્તપિત, કખવા અને અળાઈ જેવા રોગોની ફ્રી સારવાર કરી અપાશે. આ નિઃશુલ્ક મેડીકલ કેમ્પમાં જરી દવાઓ ફ્રી માં આપવામાં આવશે. બીજો કેમ્પ બગવદર ગામે તારીખ ૭ માર્ચ ખાતે ગ્રામ પંચાયતની ઓફિસ ખાતે સવારે ૧૦ થી સાંજે પાંચ કલાક સુધી યોજાશે. ડો. રાજવી રાજશાખાએ સર્વે કરીને જણાવ્યું હતું કે પોરબંદર દરિયાઈ પટ્ટી પર આવેલો જિલ્લો છે, જ્યાં ચર્મરોગોનું પ્રમાણ વધુ છે. માત્ર રાજકોટ જેવા શહેરોમાં દર મહીને પોરબંદરથી અંદાજે ૩૦૦ થી ૩૫૦ દર્દીઓ ચામડીના રોગોની સારવાર લેવા માટે જાય છે. આથી સ્થાનિક કક્ષાએ જ તેઓને સારામાં સારી સુવિધા મળે તે માટે પોતે પોરબંદરનું કાર્યક્ષેત્ર બનાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે પોરબંદરમાં માચ્છીમાર વિસ્તારોમાં અને ગ્રામ્યપંથકના લોકોમાં ચર્મરોગોનું પ્રમાણ અમુક સ્તરે વધારે જોવા મળ્યું છે. તેથી લોકોએ શરમ રાખ્યા વગર પોતાના સારવાર-નિદાન કરાવવા જ જોઈએ, કોઈપણ પ્રકારનો સંકોચ રાખવો જોઈએ નહીં. પોતાના ક્લિનીક ખાતે પણ સ્કીન, હેર અને કોસ્મેટીક્સની સારવાર માટે અનેક સુવિધા ઉપલબ્ધ કરાવી છે. તેમણે જણાવ્યું હતું કે સોશ્યલ મીડિયાના માધ્યમથી પણ તે જાગૃતિ ફેલાવી રહ્યા છે. ખાસ કરીને ગ્રામ્યપંથકમાં પ્રવાસ દરમિયાન એવું જોવા મળ્યું કે મહિલાઓ પોતાની ચામડીના રોગો વિશે જાગૃત નથી અને તેથી રોગ વકરે છે.

# પ્રાચી તીર્થ ખાતે કોળી સમાજ ભવનમાં મેગા નેત્ર નિદાન તથા હોમિયોપેથીક કેમ્પ



ચક્રવાત ટીમ પ્રાચી, તા.૧૯

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે કોળી સમાજ ભવન મા ૪૨ મો શ્રીસદગુરુ મેગા નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. અને સાથે હોમિયોપેથીક કેમ્પ પણ આયોજન કરવામાં આવેલ હતું જેમાં આ કેમ્પ ના દાતા બકુલભાઈ પંડ્યા તીર્થ ગોર પ્રાચી તીર્થ તથા ડોક્ટર અપેક્ષાબેન ડોડીયા ગાયત્રી ક્લિનિક પ્રાચી તથા ડોક્ટર જયસુખભાઈ રાઠોડ તથા વૈદરાજ વજુભાઈ પરમાર તથા ડોક્ટર પાલાભાઈ તથા અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પરિજનોદ્વારા દીપ પ્રાગટ્ય કરીને તથા આ કેમ્પના આયોજક પત્રકાર અને ગાયત્રી પરિવારના વરિષ્ઠ પરિજન જાદવ ભાઈ ચુડાસમાએ આ કેમ્પને ઉદબોધન કરીનેકેમ્પ નેખુલ્લો મુકવામાં આવ્યો હતો. તથા હાલ વૈશ્વિક કોરોના મહામારી ચાલી રહી છે વિશ્વમાંથી જેને નાબૂદ કરવા માટે મા ગાયત્રીમાં તથા પરમ પૂજ્ય ગુરુદેવ તથા શ્રી માધવરાયજી તથા લક્ષ્મીજીને પ્રાર્થના કરવામાં આવી હતી. જેમાં શ્રી રણછોડદાસબાપુ આંખની હોસ્પિટલ રાજકોટના ડોક્ટર જયસુખભાઈ રાઠોડેએ આંખના ૨૭૫ દર્દીઓને તપાસી ૬૬ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ ગયેલ હતા. તથા હોમિયોપેથીક ડોક્ટર અપેક્ષા બેન એ કુલ ૪૩ દર્દીઓને તપાસ કરીને મફત દવા આપવામાં આવી હતી. કેમ્પમાં દાતા તરફથી સૌના માટે ચા-પાણી તથા સાદા ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ કેમ્પ સરકાર નિયમોના પાલન સાથે યોજાયો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી બોસન તથા નાથાભાઈ સોલંકી થરેલી તથા રોહિતભાઈ દરબાર અમરાપુર તથા જુસાભાઈ ઘંટીયા તથા નારણભાઈ વાળા પાધરૂકા તથા સુરસીંગભાઈ ઝાલા તથા ગાંડાભાઈ વાસાવડ તથા જાદવ ભાઈ ચુડાસમા પત્રકાર પ્રાચી તથા જોસના બેન વાજા ટીંબડી તથા દિવાળીબેન કુંભારીયા તથા રંભુબેન સેવા સમિતિ ના કાર્યકર્તાઓ તથા સેવાભાવી ભાઈ-બહેનો દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવવામાં આવ્યો હતો.

# પોરબંદર જિલ્લાના માધવપુર તથા રાણાવાવ શાળાના વિધાર્થીઓએ મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા લીધી




ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૯

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અંતર્ગત પોરબંદર જિલ્લામાં મતદારો ખાસ કરીને યુવા વર્ગમાં મતદાન અંગે જાગૃતિ લાવવા જિલ્લા ચૂંટણી અધિકારી ડી.એન. મોદીના માર્ગદર્શન હેઠળ નોડલ અધિકારી અને ટીમ દ્વારા વિવિધ કોલેજો, શાળાઓ તથા સંસ્થાઓ, શહેરી તથા ગ્રામિણ વિસ્તારોમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.

મતદારોમા મતદાન પ્રત્યે જાગૃતતા આવે તે હેતુથી પોરબંદર જિલ્લાના માધવપુર ઘેડ ગામની શાળાના વિધાર્થીઓએ માસ્ક અને સામાજિક અંતર સાથે દરિયા કિનારે મતદાન જાગૃતિના શપથ લીધા હતા. તથા રાણાવાવની શાળામાં વિધાર્થીઓએ પણ મતદાન જાગૃતિ સંદેશના શપથ લીધા હતા. મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા લેવાની સાથે ઘરના વાલીઓ તથા અન્ય મતદારોને મતદાન કરવા પ્રેરણા પુરી પાડવા કટીબધ્ધતા દાખવી હતી. મતદાર જાગૃતિ વિષયક આ કામગીરીનું સંકલન સ્વેપ નોડલ અધિકારી કાશમીરાબેન સાવંત તથા મદદનીશ સ્વેપ નોડલ એસ.એચ.સોની દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# પોરબંદર ખાતે યોજાયો મતદાન જાગૃતિ કાર્યક્રમ



ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૯

પોરબંદરના અમર પોલિમર પ્રાઈવેટ લિમિટેડ કંપની, ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. લો વોટર એરીયામાં રહેતા અને દરિયાઈ જાળ અને વિવિધ પોલિમર ઉત્પાદનો સાથે જોડાયેલ ભાઈઓ અને બહેનોમાં મતદાન કરવાના મહત્વ વિશે જાગૃતિ આવે એ હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પોરબંદર ડી.એન.મોદીના માર્ગદર્શન હેઠળ અને સ્વેપ ટીમ દ્વારા 'મતદાનના મહત્વ વિશે મતદાન જાગૃતિ કાર્યક્રમ' યોજવામાં આવ્યો હતો , જેમાં વર્કર ભાઈ બહેનોએ મતદાન જાગૃતિ અંગે શપથ પણ લીધા હતા. આ કાર્યક્રમમાં આઈકોન જયેશભાઈ હિંગલાજીયા સહિત બહોળી સંખ્યામાં વર્કર ભાઈઓ તેમજ બહેનોએ ઉત્સાહભેર જોડાયા હતા.

# કોઠી ગામની સીમમાં આવેલ વાડીના મકાનમાંથી ૮૨૮ બોટલ વિદેશી દારૂ સાથે એક ઝડપાયો



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૯

વાંકાનેર તાલુકા પોલીસ ટીમ દ્વારા ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર તાલુકાના કોઠી ગામની સીમમાં આવેલ એક વાડીના મકાનમાં વિદેશી દારૂની રેડ કરી ૮૨૮ બોટલ વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી જિલ્લા પોલીસ વડાએ એસ. આર. ઓડેદરા સાહેબની સૂચના તથા નાયબ પોલીસ અધિક્ષક રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા પીએસઆઈ આર. પી. જાડેજા અને સર્વેલન્સ ટીમના માણસોના પેટ્રોલિંગ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ શિવરાજસિંહ વાળાને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર તાલુકાના કોઠી ગામની સીમમાં મચ્છુ નદીના કાંઠે ગેલડીના વોકળા પાસે આવેલ આરોપીની વાળીના મકાનમાં વિદેશી દારૂની રેડ કરતાં ૮૨૮ બોટલ વિદેશી દારૂ કિંમતી રૂ. ૩,૧૦,૫૦૦ સહિત કુલ રૂપિયા ૩,૧૪,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા આ કામગીરી દરમિયાન ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશ દારૂની ૮૨૮ બોટલ સાથે સ્થળ પરથી ગોરધનભાઈ કરશનભાઈ પલાળીયા (ઉ.વ. ૫૦, રહે. હાલ કોઠી, મુળ ખડગુંદા, ચોટીલા, સુરેન્દ્રનગર) ની ધરપકડ કરી અન્ય આરોપી જયંતિભાઈ પોલાભાઈ કોળીની પણ ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે. વાંકાનેર તાલુકા પોલીસની આ કામગીરીમાં પીએસઆઈ આર. પી. જાડેજા, હેડ કો. મયુરધ્વજસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ જાડેજા, જુવાનસિંહ ઝાલા, પો. કો. શિવરાજસિંહ વાળા, હરિશ્ચંદ્રસિંહ ઝાલા, મુકેશભાઈ જીલરીયા, સંજયસિંહ જાડેજા જગદીશભાઈ ગાબુ, અજયસિંહ ઝાલા સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# વાંકાનેર : રૂપાવટી ગામના પાંચ દિવસથી ગુમ યુવાનની લાશ પાણીમાંથી મળી

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૯

વાંકાનેર તાલુકાના રૂપાવટી ગામ ખાતે રહેતો એટ યુવાન છેલ્લા ચાર-પાંચ દિવસથી ગુમ થયેલ હોય જેની આજે વાંકાનેર નજીક આવેલ વસુંધરા કોલગામ નાકા પાસેથી પાણીમાં પડેલી હાલતમાં લાશ મળી આવી હતી જેથી આ બનાવની વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે બનાવની નોંધ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના રૂપાવટી ગામ ખાતે રહેતા ભાનુભાઈ સાદુરભાઈ ગાંગડીયા (ઉ.વ. ૩૯) છેલ્લા ચાર-પાંચ દિવસથી પોતાના ઘરે કોઈને કશું કહ્યા વગર ચાલ્યા ગયા હતા જે અંગેની જાણ ગામના સરપંચ સુખાભાઈ નરસીભાઈ ગાંગાણીએ વાંકાનેર તાલુકા પોલીસને કરી હતી અને આ દરમિયાન વાંકાનેરના રૂપાવટી ગામ પાસે વસુંધરા કોલગામ નાકા પાસે પાણીની અંદરથી તેની લાશ મળી આવી હતી જેથી કરીને હાલમાં વાંકાનેર તાલુકા પોલીસને બનાવની જાણ કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી બનાવની આગળની કાર્યવાહી તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં પોલીસની પ્રાથમિક તપાસ પરથી જાણવા મળતી વિગતો મુજબ પાણીમાં ડૂબી જવાના કારણે ભાનુભાઈ ગાંગડીયાનુ મોત થયું છે જેથી કરીને આપઘાતના બનાવની નોંધ કરી પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરેલ છે.

# વાંકાનેર શહેરના રેલ્વે નાલા પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા છ ઝડપાયા

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૯

વાંકાનેર સીટી પોલીસે ગતરાત્રે વાંકાનેર નજીક નેશનલ હાઈવે પર રેલવે નાલા પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા છ શખ્સોને રોકડ રકમ કુલ રૂ.૧૬,૭૨૦ નો મુદામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર સીટી પીઆઈ વી.એલ.પટેલના માર્ગદર્શન હેઠળ પ્રદીપભાઈ બોરાણા, અરવિંદભાઈ મકવાણા, પ્રતિપાલસિંહ વાળા સહિતના પોલીસ સ્ટાફના ગતરાત્રે નાઈટ પેટ્રોલીંગમાં દરમિયાન વાંકાનેરના નેશનલ હાઈવે ઉપર રેલવે નાલા પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા સુનિલભાઈ દેવજીભાઈ આધારા, સાહિલભાઈ ઈસ્માઈલભાઈ મીરા, સંજયભાઈ કરણાભાઈ બાંભવા, ભુપતભાઈ કાનાભાઈ રાતડીયા, હિરેનભાઈ હરેશભાઈ ધોળકિયા, આસીફભાઈ ઈબ્રાહિમભાઈ કેડાને કુલ રૂ. ૧૬,૭૨૦ ના મુદામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વેરાવળના મધ્યમ વર્ગના મુસ્લિમ યુવાને પ્રથમ પ્રયત્ને સી.એ.ની પરીક્ષા પાસ કરી

## ૨૧ વર્ષની વયે પ્રથમ પ્રયત્ને ખૂબ મુશ્કેલ પરીક્ષા પાસ કરી આજના યુવાનો માટે નમૂના રૂપ યુવાન થયો



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૯

વેરાવળ શહેરના એક મધ્યમ વર્ગના યુવાન પ્રથમ પ્રયત્ને સી.એ.ની પરીક્ષા પાસ કરી સમાજ અને રાજ્ય નું નામ રોશન કરેલ છે.સમગ્ર દેશમાં જે પરીક્ષાનું પરિણામ સૌથી ઓછું આવતું હોય અને ખૂબ મુશ્કેલ ગણાતી સી.એ.ની પરીક્ષા મુગલ ઈસ્માઈલ ઈબ્રાહિમ એ પ્રથમ પ્રયત્ને પાસ કરેલ છે. નાની ઉંમરે માતા નું અવસાન થતાં પિતા એ માં અને બાપ ની જવાબદારી એક સાથ નિભાવી ને પોતાના બાળકોને પરિશ્રમ દ્વારા આગળ વધવાનું પાઠ ભણાવેલ છે.ધો.૧૨ મા સારા માર્કર્સ ના કારણે સુરતની એક સઁસ્થા મા પ્રવેશ મેળવી સીપીટી ની પરીક્ષા આપેલ જેમાં સમગ્ર સુરતમાં આ યુવાન પ્રથમ નમબરે પાસ થયેલ હતો અને સમય જતા આજે સી.એ.ની પરીક્ષા પણ પ્રથમ પ્રયત્ને પાસ કરવાનું ગૌરવ પ્રાપ્ત થયેલ છે. આ તકે જરૂરતમંદ વિધાર્થીઓ ની ચિંતા કરતા એવા સામાજીક કાર્યકર અફઝલ સર અને તેમના હેલ્પ ટ્રસ્ટના સાથી મિત્રો ફારૂકભાઈ પેરેડાઈઝ, અ. રહેમાન એન.ડી., અમીન ખમ્મા, અમજદ પંજા, હનીફ મલેક, સાજીદભાઈ મૌલાના, જાવીદભાઈ મુગલ, યાસીનભાઈ કરવત, મહેમુદ કામરા, હાજીભાઈ પત્રકાર, નદીમ મુગલ સહિતના યુવાનો એ હારફૂલ કરી શુભેચ્છા પાઠવેલ હતી.

# મહાવિરામ બાદ હડીયાણામાં ધોરણ ૬થી ૮ના શિક્ષણકાર્યનો પ્રારંભ થયો



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૧૯

શ્રી બાલાચડી પ્રાથમિક શાળામાં સરકારના આદેશ મુજબ તેમજ કોરોના મહામારી હળવી થવાના કારણે નવા પ્રત્યેક શિક્ષણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો જેમાં ધોરણ ૬ થી ૮ ના ૯૮% વાલીઓની સહમતિથી વિદ્યાર્થીઓને નવા ઉત્સાહ અને ઉમંગ સાથે શાળા શિક્ષણમાં પ્રવેશ આપવામાં આવ્યો તેમજ તેઓ ને શાળા ના શિક્ષકોએ ઉત્સાહપુર્વક આવકારયા હતા અને કોરોનાની ગાઈડ લાઈનનો પાલન કરવતા પ્રોપર બધા વિદ્યાર્થીઓને હાથ સેનેટાઈઝ કરેલ તેમજ થર્મલ ગનથી તાપમાન માપી સોશિયલ ડિસ્ટન્સ ના પાલન સાથે વિદ્યાર્થીઓને ઉમળકાભેર પ્રવેશ આપવામાં આવેલ હતો.

# વેરાવળમાં સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં બે દિવસીય ઓનલાઇન યુવક મહોત્સવનું આયોજન



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૯

વેરાવળમાં આવેલી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે ૧૪ માં યુવક મહોત્સવનું ઓનલાઈન ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ વર્ષે કોરોના વૈશ્વિક મહામારીને કારણે યુવક મહોત્સવનું આયોજન ઓનલાઈન વેબેક્સ દ્વારા કરાયું હતું અને તા.૧૯ મીને સાંજે સમાપન થયું. આ ઉદઘાટન પ્રસંગે અધ્યક્ષ તરીકે સોમનાથ સંસ્કૃત યુનિ.ના કુલપતિ પ્રો.ગોપબંધુ મિશ્રા, કલિંગ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સના કુલપતિ પ્રો.હરેકૃષ્ણ શતપથી અને યુવક મહોત્સવના માર્ગદર્શક ડો.દશરથ જાદવ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમના આરંભે યુનિ.ના છાત્ર દ્વારા મંગલાચરણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ ડો.શત્રુઘ્ન પાણીગ્રાહી દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ અને ડો.જયેશકુમાર મુંગરાએ યુવક મહોત્સવ પ્રસંગે પ્રાસંગીક ઉદબોધન કરેલ હતુ. સોમનાથ સંસ્કૃત યુનિ. ના ૧૪ મા યુવક મહોત્સવ યોજાઈ રહેલ છે. યુવક મહોત્સવના ફળ સ્વરૂપે અનેક વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે પણ ભાગ ગ્રહણ કરી ૫ દકો મેળવી ચૂક્યા છે. આ તકે મુખ્ય અતિથિ પ્રો.હરેકૃષ્ણ શતપથીજીએ સોમનાથ સંસ્કૃત યુનિ.ના મહોત્સવના આયોજનને અત્યંત સુંદર જણાવી તેની સફળતા માટે કામના કરી હતી. અધ્યક્ષ પ્રો.ગોપબંધુ મિશ્રાએ માર્ગદર્શન અને પ્રોત્સાહન કરનારૂ ઉદ્બોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું ધન્યવાદકથન સુ વિદુષી બોલ્લાએ કરેલ હતું. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના અધ્યાપકો અને છાત્રો તથા વિવિધ મહાવિદ્યાલયોના અધ્યાપકો અને છાત્રો ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઓનલાઈન યુવક મહોત્સવના ભાગરૂપે વાદવિવાદ, આશુભાષણ, સુભાષિત ગાન અને સંસ્કૃત ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# લુણાવાડામાં જાહેર માર્ગ પર ખુલ્લેઆમ મરેલા ઢોર ફેંકી દેતા પંથકમાં અરેરાટી



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૯

મહીસાગર જીલ્લાનુ વડું મથક એવા લુણાવાડા તાલુકામાં આવેલ રામપટેલના સીમાડા પર અગાઉ પણ આ જ રીતે ખુલ્લેઆમ મરેલા પશુઓ નાખી દેતા ચકચાર મચી જવા પામ્યો હતો ફરી પણ કોરોનાની મહામારીમાં પણ આ જગ્યા પર ફરી પણ નાના વાછરડાઓ પ્લાસ્ટિકની મોટી બેગમાં નાખી દેવાના અનેક બનાવો જોવા મળે છે પરંતુ આસપાસના ગામડાઓના વિસ્તારોમાં જો સર્વે કરવામાં આવે તો કોના પશુઓ મરણ પામ્યા છે એ રીતે ખુલ્લેઆમ ફેંકી દેવામાં આવ્યા પરંતુ આ બાબતે વાહન વ્યવહાર કરતા મુસાફરો માટે કુતરાઓ સાથેના અકસ્માત થવાના બનાવો છે તો જવાબદાર કોણ એ મુખ્ય વિષય બનવા પામ્યો છે. આરોગ્ય વિભાગના મેડીકલ ઓફીસર મલેકપુર આ બાબતે યોગ્ય સ્થળ તપાસ કરવામાં આવે તેવી જાગૃત નાગરીક દિલીપભાઈ બારીઆ નમ્ર વિનંતી છે આસપાસના જગતના તાતને શિયાળુ પાક ચણા મકાઈ વગેરે કાપણીનો સમય થવા આવ્યો પરંતુ ખેતરે કામ કરતા જગતના તાતને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

# કેનેડા મોકલવાના બહાને પાંચ યુવકો સાથે ૧.૭૯ કરોડની છેતરપિંડીથી ચકચાર

(જી.એન.એસ)આણંદ,તા.૧૯

અમેરિકા અને કેનેડા જેવા દેશમાં કાયદેસર રીતે ના જઈ શકે તેવા લોકો ત્યાં પહોંચવા માટે ગમે તેટલો મોટો ખતરો ઉઠાવવા તેમજ ખર્ચો કરવા તૈયાર થઈ જતાં હોય છે. આવું જ કંઈક પાંચ પાટીદાર યુવકો સાથે થયું હોવાનું સામે આવ્યું છે, જેમને અમેરિકા-કેનેડા લઈ જઈશું તેમ કહીને તેમની પાસેથી કુલ ૧.૭૯ કરોડ પડાવનારા એજન્ટોએ કલ્પી ના શકાય તેવી મુસીબતમાં આ યુવકોને મૂકી દીધા. આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, આણંદના બાકરોલ સ્કવેરમાં ઓફિસ ધરાવતા ઈશ્વર પ્રજાપતિ વિઝાનું કામકાજ કરે છે. તેમની મુલાકાત બે વર્ષ પહેલા દિલ્હીમાં અસ્ફાક અને સુનિલ કેજરીવાલ નામના શખ્સ સાથે થઈ હતી. જેમણે અમેરિકા અને કેનેડાની એમ્બસીમાં પોતાનું સેટિંગ છે, અને કોઈને જવું હોય તો એક જ મહિનામાં કામ થઈ જશે તેવી વાત કરી હતી. આ મુલાકાત બાદ ઈશ્વર પ્રજાપતિની આ બંને શખ્સો સાથે ફોન પર પણ વાત થતી રહેતી હતી. નવેમ્બર ૨૦૨૦માં ઈશ્વર પ્રજાપતિએ અશ્ફાક અને સુનિલને આણંદના બે યુવકોને કેનેડા મોકલવાના છે તેવી વાત કરી હતી. આ કામ માટે હા પાડી અશ્ફાક અને સુનિલે ઈશ્વરભાઈને બંને યુવકોને પાસપોર્ટ સહિતના દસ્તાવેજો લઈને જયપુર આવી જવા કહ્યું હતું. ઈશ્વરભાઈ ૧૦ નવેમ્બરે આણંદના અર્પિત પટેલ અને ભાવિન પટેલને લઈ જયપુર પહોંચ્યા હતા, અને ત્યાં પાંચ દિવસ રોકાયા હતા. ત્યારબાદ અર્પિત અને ભાવિનને ફ્લાઈટમાં મેંગ્લોર લઈ જવામાં આવ્યા હતા. જોકે, તેમને ખબર નહોતી કે તેમની સાથે કંઈક અલગ જ થવાનું છે. હોટેલના નામે આ યુવકોને રાત્રે જ એક અવાવરું જગ્યાએ લઈ જવાયા હતા, જ્યાં દસ બાય દસની એક રુમમાં તેમને પૂરી દેવામાં આવ્યા હતા, અને અહીં તેમના હાથ પણ બાંધી દેવાયા હતા. ત્યારબાદ તેમને ત્યાં મૂકવા આવેલા લોકો રુમને બહારથી તાળું મારીને રવાના થઈ ગયા હતા. બીજા દિવસે પાંચથી છ લોકો બંદૂક અને ચપ્પા લઈને તેમના રુમમાં આવ્યા હતા અને તેમને ધમકાવ્યા હતા. ૧૮મી નવેમ્બરે બંધક બનાવેલા યુવકોને ધમકી આપવામાં આવી હતી કે તમારા પરિવારજનોને વોટ્સએપ કોલ કરો અને તેમને કહો કે કેનેડા પહોંચી ગયા છીએ અને બાકીની રકમ પણ એજન્ટના માણસોને ચૂકવી દેવામાં આવે.

# થાણામા પેપ્સી અને વેફર્સના ગોદામમાં આગ : માલ સહિત ૧૨ વાહનો બળીને ખાક



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૯

થાણામા આવેલ માનપાડા વિસ્તારની કોઠારી કંમ્પાઉન્ડના પેપ્સી અને લેર્ય્સ વેફર્સ્ના ગોડાઉનમા મોડી રાત્રે આગ લાગતા માલ સહિત ૧૨ વાહનો ખાક સહિત ગયા હતા.

માનપાડા વિસ્તારના કોઠારી કમ્પ્પાઉન્ડમા રાજેન્દ્રા ખાનવિલકરની માલિકીનું આશરે છ હજાર ૨૦૦ ચો.ફૂટના ગોદામમા પેપ્સી અને લેર્યસ વેફર્સ ડિલીવરી માટે સ્ટોક કરવામા આવ્યો હતો.તે માટે અંદર ગોડાઉનમા ૧૩ વાહનો ઉભા હતા.અચાનક મોડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ તે ગોડાઉનમા આગ લાગી હતી.ગોડાઉનમા અંદર જવા માટે એક જ દરવાજો હતો. જેને લઈને આગમા ૧૩ વાહનોને નુકાશાન પહોચ્યુ હતુ.આગ લાગતા જેસીબીની મદદથી પાછળની ભીંત તોડીને અંદર પ્રવેશ કરવામા આવ્યો હતો.આગ પર નિયંત્રણ મેળવવા ૧ ફાયર એન્જીન, બે જંમ્બો વોટર ટેન્કર,બે વોટર ટેન્કર અને એક રેસ્ક્યુ વાહન અને એક જેસીબી ઘટના સ્થળે તાત્કાલિક પહોચ્યા હતા.ચાર કલાકે આગ પર કાબુ મેળવ્યો હતો.આગમા પાંચ ટાટા ટેમ્પો, ૧ ત્રણ ટાયર ટેમ્પો,બે ટાટા ઈમ્ન્ટ્રા, ૩ ટાટા ૪૦૭, અને એક મારૂતી કેરી તેમજ એક બાઈકને નુકશાન થયુ છે આગ શોર્ટસર્કિટને લઈને લાગી હોવાની શક્યતા દર્શાવવામા આવી ચે.આગને લઈને મોટુ નુકશાન થયુ હોવાનું જાણવા મળે છે.

ભિવંડીની જીલાણી બિલ્ડિંગ અકસ્માતના પાંચ મહિના બાદ

# પાલિકાના આસિસ્ટન્ટ કમિશ્નર સહિત ચારની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૯

ભિવંડી શહેરના ધામણકર નાકા વિસ્તારમાં પટેલ કમ્પાઉન્ડમાં જીલાની બિલ્ડિંગ ધરાશાયી થતાં ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ મળ્સ્કે સવ્વા ત્રણ વાગ્યે ઘટના બની હતી. આ દુર્ઘટનામાં ૩૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં અને ૨૩ લોકો ઘાયલ થયાં હતાં. કોર્પોરેશનના તત્કાલીન મદદનીશ કમિશનર, તેમજ બીટ ઈન્સ્પેક્ટર અને કારકુની બિલ્ડરની ધરપકડ કરવામાં આવી છે જે બિલ્ડિંગની ગેરકાયદેસર રીતે બિલ્ડિંગના બીજા અને ત્રીજા માળે બાંધકામ કરતો હતો.

અટકની કારવાહી થતા શહેરમાં અનધિકૃત બાંધકામો કરી રહેલા બિલ્ડરોની સાથે આ ગેરકાયદે બાંધકામોને સમર્થન આપતા કોર્પોરેશનના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓમાં હંગામો પેદા થયો છે. તત્કાલીન મદદનીશ કમિશનર સુદામ નારાયણ જાધવ અને તત્કાલીન બીઆઈટી ઈન્સ્પેક્ટર સુનીલ સીતારામ ઉપરાંત અટક કરાયેલા આરોપીઓના નામ ભૂમિ કારકુન પ્રફુલ પ્રકાશ તાંબે છે.

બિલ્ડર એવા મોહમ્મદ મુખ્તાર ગુલામ રસૂલ ફંડોલ (૭૬) ઉપર જીલાની બિલ્ડિંગના બીજા અને ત્રીજા માળે ગેરકાયદેસર રીતે બાંધકામ કરવા બદલ વિવિધ ગુનાઓ માટે આરોપ મૂકાયો હતો, જેમાં ૩૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જોકે, ગુનો દાખલ થયો ત્યારથી ફંડોલ ફરાર થઈ ગયો હતો. તેમણે જિલ્લા સત્ર અદાલતમાં પૂર્વ ધરપકડ જામીન માટે પણ અરજી કરી હતી. જો કે, કોર્ટે તેમની જામીન અરજી નામંજૂર કરી દીધી હતી અને પોલીસ તેની શોધ



કરી રહી હતી. નરપોલી પોલીસે ગઈકાલે તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે તેને ૩ માર્ચ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો છે. અકસ્માતની સઘન તપાસમાં બહાર આવ્યું છે કે, ભિવંડી નિઝામપુર મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રભાગ સમિતિ ૩ ના તત્કાલીન મદદનીશ કમિશનર સુદામ નારાયણ જાધવ સાથે બીઆઈટીના તત્કાલિન ઈન્સ્પેક્ટર સુનીલ સીતારામ અને લેન્ડ ક્લાર્ક પ્રફુલ પ્રકાશ તાંબે પણ આ ઘટનામાં સંડોવાયેલા છે. નરપોલી પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર માલોજી શિંદેએ જણાવ્યું હતું કે ત્રણેયને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને તેમને ૪ માર્ચ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. આ ગુનાની તપાસ ભિવંડી સર્કલ બે પોલીસ-ડેપ્યુટી કમિશનર યોગેશ ચવ્હાણ, મદદનીશ પોલીસ કમિશનર પ્રશાંત ધોલે, નરપોલી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર માલોજી શિડે અને ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર રવિન્દ્ર વાની કરી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મુખ્ય પ્રધાન તેમજ દેશના દરેક ક્ષેત્રના લોકોએ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું હતું. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના સંબંધીઓને ૩ લાખ રૂપિયા વળતર મંજુર કર્યા છે. મુખ્યમંત્રીના ભંડોળ મંજુર થયા બાદ અકસ્માત માટે જવાબદાર લોકો સામે ક્યારે કાર્યવાહી કરવામાં આવશે તે અંગે સવાલ ઉઠાવતા નરપોલી પોલીસે સહાયક કમિશનર સહિત ચાર લોકોની ધરપકડ કરી હતી.

# ચાર લાખની બનાવટી નોટો સાથે યુવકની અટક

## લોકડાઉનમાં દેવાદાર બનેલા યુવકે બનાવટી નોટો છાપવાનું શરૂ કર્યું



ચક્રવાત ટીમ, મુંબઈ, તા. ૧૯

મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે મંગળવારે ચેમ્બુરમાથી ચાર લાખની બનાવટી નોટ સાથે યુવકને ઝડપી પાડ્યો હતો.આરોપી લોકડાઉન દરમિયાન દેવાદાર બનતા તેણે રૂમ ભાડા પર લઈ બનાવટી નોટો છાપવાનું કામ ચાલુ કર્યુ હતુ. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના અધિકારીઓએ ધરપકડ કરેલા યુવકની ઓળખ મોહંમદ ફકીયાન અયુબ ખાન તરીકે થઈ હતી. તેની વિરુદ્ધ આરસીએફ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે મંગળવારે ચેમ્બુર સ્થિત માહુલ રોડ પર બસસ્ટોપ નજીક છટકું ગોઠવ્યું હતું અને બનાવટી નોટો વટાવવા આવેલા યુવકને તાબામાં લીધો હતો. તેની પાસેથી રૂ. ૫૫ હજારની નોટો મળી આવી હતી. યુવકની પૂછપરછ બાદ પોલીસે ચેમ્બુરના તેના નિવાસેથી વધુ રૂ. ૩.૪૪ લાખની બનાવટી નોટો તેમ જ તે છાપવા માટે ઉપયોગમાં લેવાતાં પ્રિન્ટર, શાહી, લેમિનેટર, પેપર રોલ તથા અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. બનાવટી નોટો કેવી રીતે તૈયાર કરવામાં આવે છે, એ યુટ્યુબની વેબસાઈટ પરથી જાણ્યા બાદ તે નોટો છાપવા માટેની સામગ્રી લઈ આવ્યો હતો.

# મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેને કોરોના ત્રણ દિવસમાં ત્રણ પ્રધાનો કોરોના પોઝિટીવ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૯

રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેની પણ પહોંચ પહોંચી છે, જે રાજ્યમાં કોરોના રોગને નિયંત્રિત કરવા માટે ક્ષેત્રમાં કાર્યરત રહેતા રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપે પંણ કોરોનાની લપેટમા આવ્યા છે. ટોપનો કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટીવ છે. ટોપે ખુદ ટ્વિટર દ્વારા આ અંગે માહિતી આપી છે. તેમણે તેમની તબિયત સારી હોવાનું પણ જણાવ્યું હતું. મહાવિકાસ આઘાડી સરકારના ૧૨ કેબિનેટ મંત્રી અને ૫ રાજ્યમંત્રી કોરોના મુકત થયા છે.જ્યારે હાલમા ૪ કેબિનેટ મંત્રી અને બે રાજ્યમંત્રીઓ કોરોનાથી સક્રમિત થયા છે. રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેનો કોરોના ટેસ્ટ પોઝિટીવ આવ્યો હોવાનું અને તબિયત સારી હોવાનું



જણાવ્યું છે. અને ડોક્ટરની સલાહ લઈ રહ્યા છે. બધાના આશીર્વાદથી, કોરોનાને હરાવીને ટૂંક સમયમાં જનતાની સેવામાં પાછા આવવાનુ જણાવી. જે લોકો તેમના સંપર્કમાં આવે છે તેઓએ સાવચેત રહેવું જોઈએ અને જો કોઈ લક્ષણો દેખાય છે, તો તેઓએ તાત્કાલિક તેમની કોરોનાની તપાસ કરવી જોઈએ. ', રાજેશ ટોપે ટ્વીટ કર્યું હતું. રાજ્યમાં છેલ્લા બે અઠવાડિયાથી કોરોના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે. તેથી આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્રને એલર્ટ કરી દેવાયા છે. આરોગ્ય પ્રધાન રાજેશ ટોપે સતત પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે. તદનુસાર, છેલ્લા કેટલાક દિવસોમાં બેઠકોના સત્રોમાં પણ વધારો થયો હતો. આ સમય દરમિયાન ટોપનો કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટીવ પાછો આવ્યો, જેનાથી ચિંતા ઉભી થઈ. ટોપની તબિયત સારી છે અને તેને ચિંતા કરવાનું કોઈ કારણ નથી. એક જ દિવસે, રાજ્યના મંત્રીમંડળના બે મુખ્ય પ્રધાનોને કોરોનાવાયરસથી ચેપ લાગ્યો હતો. ગુરુવારે સવારે જળ સંસાધન પ્રધાન જયંત પાટિલને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો. પાટીલે ટ્વિટર દ્વારા પણ આ વિશે માહિતી આપી હતી. પાટીલ પછી, બપોરે, એનસીપી નેતા એકનાથ ખડસેને સમાચાર મળ્યા કે ત્રીજી વખત કારોનાના લક્ષણો જોવા મળ્યા છે. . બાદમાં રાત્રે, ટોપે પણ કોરોના પોઝિટીવ આવતા તે જ દિવસે એનસીપીના ત્રણ વરિષ્ઠ નેતાઓ સંક્રમિત હોવાનું જાણવા મળ્યું હતું, જેના કારણે ચિંતાજનક સમાચાર ઉભા થયા છે. માત્ર બે દિવસ પહેલા જ રાજ્યના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન પ્રધાન રાજેન્દ્ર શિંગાણેને પણ કોરોના વાયરસ હોવાનું નિદાન થયું હતું. હાલમાં તેની સારવાર ચાલી રહી છે. દરમિયાન, કોરોના રાજ્યના મંત્રીમંડળમાં અત્યાર સુધીમાં ઘણા મંત્રીઓ સુધી પહોંચી છે. જીતેન્દ્ર આવાડ, અશોક ચવ્હાણ, ધનંજય મુંડે, અસલમ શેખ જેવા પ્રધાનોએ સફળતાથી કારોનાને માત આપી છે.

## મુંબઈમાં શિવાજી જયંતીની ભાવભેર ઉજવણી



છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ નિમિત્તે ભૂતપૂર્વ વિધાનસભ્ય કૃષ્ણા હેગડે અને અભિનેતા દિલીપ તાહિલે જુહુ બીચ પર આવેલા છત્રપતિ શીવરાયાની મૂર્તિને પુષ્પગુચ્છ અર્પણ કરી વંદન કર્યા હતા.

# ઉલ્ટી ગંગા : ઔરંગાબાદમાં વેકસિન લીધેલ બે ડોકટરોને થયો કોરોના

ચક્રવાત ટીમ, મુંબઈ .તા. ૧૯

રાજ્યભરમાં ફરી કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે. રસીકરણ હજી સામાન્ય લોકો માટે ઉપલબ્ધ નથી. આવી સ્થિતિમાં ઔરંગાબાદ કોરોના વિશે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ઔરંગાબાદમાં રસી અપાયેલા બે ડોકટરો (ડોક્ટરો કોરોના પોસિટીવ) ને કોરોના સંક્રમિત થયા છે.



તેઓ રસીકરણ પછી બીજા અને ત્રીજા અઠવાડિયામાં કોરોનામાં ચેપ લાગ્યાં હતાં. કોરોના બનનાર બંને ડોકટરો વૃદ્ધ છે.પાલિકાના સૂત્રોએ માહિતી આપી હતી કે રસીકરણને કારણે તેમનામા કોરોનાના હળવા લક્ષણો જોવા મળ્યા છે.. ઔરંગાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૧૩ હજાર કોરોના યોદ્ધાઓને વેકસિન આપવામાં આવી છે. રાજ્યમાં કોરોના કેસની કુલ સંખ્યા ૨૦,૮૧,૫૨૦ છે. તેથી રાજ્યમાં હજી પણ ૪૦,૮૫૮ દર્દીઓ સક્રિય છે. રાજ્યમાં ગઈકાલે ૫,૪૨૭ નવા દર્દીઓનો ઉમેરો થયો છે. અત્યાર સુધીમાં ૩૮ દર્દીઓનાં મોત નીપજ્યાં છે. આજે રાજ્યના ૨,૫૪૩ લોકોએ કોરોના પર કાબૂ મેળવ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી કોરોના દર્દીઓની વૃદ્ધિ ઘટી રહી છે. પરંતુ હવે કોરોના દર્દીઓમાં વધારો થઈ રહ્યો છે ત્યારે રાજ્ય વહીવટ ચિંતિત છે. રાજ્યમાં હાલમાં ૨,૧૬,૯૦૮ હોમ ક્વોરેન્ટાઈન અને ૧,૭૪૩ ઈન્સ્ટિટ્યુશનલ ક્વોરેન્ટાઈન છે. રાજ્યમાં વર્તમાન મૃત્યુ દર ૨.૪૮ ટકા છે. રિકવરી રેટ ૯૫.૫ ટકા છે.

# પૂના-સોલાપુર હાઈવે પર કાર-ટ્રેક્ટર વચ્ચે અકસ્માતમાં બેના મોત, બે ઘાયલ



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૯

શેરડીની અવરજવર કરતા ટ્રેક્ટર અને કાર વચ્ચે અકસ્માતમાં બે લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં; જ્યારે બેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગુરુવારે સવારે સાડા પાંચ વાગ્યે મદનવાડી ગામ નજીક પૂના-સોલાપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આ અકસ્માત થયો હતો. મૃતકોમાં મુંબઈમાં કાર્યરત એક સહાયક ફોજદારનો સમાવેશ થાય છે. મૃતકોની ઓળખ વિનોદ દામોદર કોળી (૪૦, તા. ઉરણ, જિ. રાયગડ) અને મદદનીશ ફોજદાર સૂર્યકાંત ગાયકવાડ (૫૫, રહે. પોલીસ લાઈન પાસે, શ્રીપદ સોસાયટી, તા. ઉરણ) છે.

ભીગવાન પોલીસના જણાવ્યા અનુસાર ટ્રેક્ટર પુણે તરફ જઈ રહ્યુ હતુ, ત્યારે અચાનક ડ્રાઈવર બ્રેક મારી હતી.. પરિણામે પાછળથી આવી રહેલી ઈકો કારેં ટ્રેક્ટરને જોરદાર ટક્કર મારી હતી. વિનોદ કોળી અને સૂર્યકાંત ગાયકવાડ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં નસીર શકુર મન્સુરી (૪૭, રહે. ચાર ફાટા, ઓએનજીસી રોડ, ઉરણ, રાયગડ જીલ્લા) અને વિનોદ (સંપૂર્ણ નામ નથી) ઈજાગ્રસ્ત થયા હતા અને ઈન્દાપુર સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતની જાણ થતાં જ ભીગવાન પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. વધુ તપાસ સહાયક પોલીસ નિરિક્ષક જીવન માણે ચલાવી રહ્યા છે.

# મુંબઈમાં કોરોના દર્દીઓએ ફરજીયાત સંસ્થાકીય ક્વોરેન્ટાઈનમાં રહેવુ પડશે : મેયરનો આદેશ

ક્વાત ટીમ, મુંબઈ તા. ૧૯

મહારાષ્ટ્રમાં કોવિડ -૧૯ બીજી લહેર ફરી વધી રહી છે. વિદર્ભમાં દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો થવા છતાં, છેલ્લા બે-ત્રણ દિવસથી મુંબઈમાં પણ દર્દીઓની સંખ્યામાં વધારો થવા લાગ્યો છે. તેની નોંધ લેતા મુંબઈ કમિશનર ઈકબાલ ચહલે ગુરુવારે નવા કોવિડ -૧૯ના નિયમોની જાહેરાત કરી હતી. તેમાં ઉમેરો કરતાં પાલિકાના મેયર કિશોરી પેડનેકરે આજે કેટલાક મોટા નિર્ણયો લેવાની જાહેરાત કરી છે. તદનુસાર, હવેથી, મુંબઈમાં કોરોના દર્દીઓ માટે હોમ ક્વોરેન્ટાઈનની સગવડ બંધ કરવામાં આવશે..જંમ્બો કોવિડ સેન્ટર ફરી ચાલુ કરવા માટે આજથી મેયરે તે સેન્ટરની મુલાકાત લીધી છે. ઘરનાં સંસર્ગનિષેધ હવે લક્ષણો વિના લોકોને આપવામાં આવશે નહીં. મેયરે સમજાવ્યું કે દરેકને કોવિડ સેન્ટરમાં જવું પડશે. મેયર કિશોરી પેડનેકરે પણ જાહેરાત કરી હતી કે આજથી તમામ જાહેર કાર્યક્રમોમા તેઓ જવાનું બંધ કરશે,. જો લગ્ન પ્રસંગમાં મંજૂરી આપવામાં આવેલ કરતા વધારે લોકો હાજર હશે તો કાર્યવાહી કરવામાં આવશે. મુંબઈ કમિશનરે પહેલેથી જ જાહેરાત કરી દીધી છે કે કોઈપણ જે સામાજિક અંતરના નિયમોનું ઉલ્લંઘન કરશે અથવા માસ્ક પહેરે છે તેને દંડ કરવામાં આવશે. મુંબઈ કમિશનર ઈકબાલસિંહ ચહલ દ્વારા આપવામાં આવેલા નિયમોની સૂચિમાં દર્દીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને એવું કહેવામાં આવ્યું હતું કે ઘરે રહેતા લોકોના હાથ પર સિક્કા મારી તેઓએ અલગ રહેવુ પડશે. અને જો તેઓ નિયમોને ભંગ કરે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. પરંતુ તેનાથી આગળ જતા મેયરે એક પ્રેસ કોન્ફરન્સમાં ઘોષણા કરી હતી કે મુંબઈમાં કોરોના દર્દીઓ માટે હોમ ક્વોરેન્ટાઈનની સગવડતા બંધ. કરવામા આવી છે. લગ્ન સમારોહના આયોજનના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ આયોજકો તેમજ આયોજકો સામે પણ ગુના દાખલ કરવા જોઈએ. ,માસ્કનો ઉપયોગ ન કરતા નાગરિકો સામે કાર્યવાહી કરવા માટે ઉપનગરીય ટ્રેનોમાં ૩૦૦ માર્શલ્સ તહેનાત કરવા જોઈએ અને મુંબઈમાં માર્શલ્સની સંખ્યા બમણી કરવી જોઈએ. મ્યુનિસિપલ કમિશનર ઈકબાલ સિંહ ચહલ દ્વારા પાંચથી વધુ અસરગ્રસ્ત દર્દીઓ મળી રહેલ ઈમારતોને મર્યાદિત (સીલ) કરવા વિવિધ કડક સૂચનાઓ જારી કરી છે.બ્રાઝિલથી મુંબઈ આવતા મુસાફરો પણ હવે સંસ્થાકીય ક્વોરેન્ટાઈનમા રહેશે.

# ટેમ્પોમા કાપડમા છુપાવીને લઈ આવતા લાખો રૂપિયાનો ગુટકા જપ્ત



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૯

કાસા પોલીસે ટોલનાકા વિસ્તારમાં તસ્કરો પાસેથી એક લાખ ૨૫ હજાર રૂપિયાના ગૂટકા તેમજ ટેમ્પો સહિત ૧૧ લાખ ૯૨ હજાર રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની અટક કરવામાં આવી છે. મુંબઈઃ ટેમ્પોથી અમદાવાદ-અમદાવાદ હાઈવે ઉપર ગેરકાયદેસર તમાકુના ઉત્પાદનો ટેમ્પોમા લઈ જતા કાસા પોલીસે કારવાહી કરી છે. ધોળ ટોલનાકા વિસ્તારમાં શંકાસ્પદ વાહનોનું નિરીક્ષણ કરતા ટેમ્પોની તલાશી લેતા પોલીસને તમાકુના ઉત્પાદનો મળી આવ્યા હતા. પોલીસે એક લાખ ૨૫,૪૦૦ રૂપિયાના તમાકુના ઉત્પાદનો તેમજ ટેમ્પો સહિત ૧૧ લાખ ૯૨,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.. ખાસ વાત એ છે કે આ ગેરકાયદેસર ગુટખાને ટેમ્પોમાં છુપાયેલા કપડાંમાં દાણચોરી કરવામાં આવી રહી હતી.પોલીસે આ કેસમાં એક આરોપીની ધરપકડ કરી છે આ કાર્યવાહી કાસા પોલીસ મથકના સહાયક પોલીસ નિરિક્ષક ઉમેશ પાટીલની આગેવાની હેઠળ કરવામાં આવી હતી.

# કસ્ટમ અધિકારી હોવાનું જણાવી થાયલેન્ડના નાગરિક સાથે બદલો લેવા છેતરપીંડી

## પાયલટ સહિત પાંચ જણની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૯

સાંતાક્રુઝમા થાયલેન્ડના નાગરિક્ને તેઓ કસ્ટમ અધિકારી હોવાનું કહી છેતરપીંડી કરનારા પાયલટ સહિત પાંચ જણની પોલિસે અટક કરી છે.

સાંતાક્રુઝના જૂહ વિસ્તારમા થાયલેન્ડનો નાગરિક રોચાપેન તોમિશા રહે છે.તેના વિસ્તારમા થોડાક અંતરે રહેતો થાયલેન્ડમા પાયલટનું કામ કરતો સતીશ ચૌહાન (૨૬) રહે છે.કોરોના દરમિયાન તેને નોકરી ગુમાવી હતી. જેને લઈને ત્તે મુંબઈ પાછો આવ્યો હતો.થાયલેન્ડમા બોગસ અધિકારી બનીને તેની સાથે અજાણી વ્યક્તિએ છેતરપીંડી કરી હતી.જેનો બદલો લેવા ચૌહાને તોમિશા સાથે છેતરપીંડી કરવાનું નક્કી કર્યુ હતુ. તોમિશાએ પોલિસમા નોંધાયેલ ફરિયાદમા જણાવ્યુ છે ક્કે ૧૧ ફેબ્રુઅરી ૨૦૨૧ના રોજ બપોરે અઢી વાગ્યાની આસપાસ કસ્ટમ અધિકારી હોવાનું જણાવી ચાર જણ તેના ઘરમા પ્રવેશ્યા હતા.તેમાથી બે જણે તેનું પાકિટ અને ઈલેકટ્રોનિક્સ વસ્તુઓ લઈ લીધી હતી.તેમજ અન્ય બે જણ વિડિયો શુટીંગ કરતા હતા.ત્યાર બાદ તેઓ મોટર બાઈક પર ફરાર થઈ ગયા હતા.

તોમિશાએ પોલ્સ ફરિયાદ કરતા સાંતાક્રુઝ પોલિસે જુહ, ડી.એન.નગર તેમજ વર્સોવા વિસ્તારના ૩૫ સીસીટીવી કેમેરા તપાસત્યા બાદ આ ચારેય આરોપીઓની અટક કરી હતી. ચારેય જણ એક બારમા બાઉન્સરનુ કામ કરતા હતા,તેઓની પૂછપરછમા ચૌહાનનુ નામ બહાર આવતા તેની પણ અટક કરવામા આવી હતી.

# સોનાના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો : ચાંદીમાં નરમાઈની આગેકૂચ

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૯

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૩૧૯૯૩ સોદામાં રૂ.૧૬૨૫૪.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં પ્રત્યાઘાતી ઘટાડો થયો હતો, જ્યારે ચાંદીમાં નરમાઈની આગેકૂચ રહી વાયદા વધુ ઘટ્યા હતા. તમામ બિનલોહ ધાતુઓમાં સાર્વત્રિક વૃ દ્ધિ રહી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં સેંકડા ઘટી આવ્યા હતા. નેચરલ ગેસ પણ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં રબર, સીપીઓ, મેન્થા તેલમાં સુધારા સામે કપાસમાં સીમિત ઘટાડો વાયદાના ભાવમાં થયો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૮૮૦૨ સોદાઓમાં રૂ.૫૯૮૮.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૯૮૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૬૦૯૮ અને નીચામાં રૂ.૪૫૮૬૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૮ ઘટીને રૂ.૪૫૯૬૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૮૭ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૬૮૮૨ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૯ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૫૬૭ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧ ઘટીને બંધમાં રૂ.૪૫૮૯૫ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૮૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૭૮૦ અને નીચામાં રૂ.૬૭૫૩૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૮૭ ઘટીને રૂ.૬૮૪૦૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૧૭૭ ઘટીને રૂ.૬૮૩૨૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૧૮૯ ઘટીને રૂ.૬૮૨૬૫ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૩૨૫૦ સોદાઓમાં રૂ.૩૫૬૪.૮૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૨૫૭ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૬૧ અને નીચામાં રૂ.૪૨૫૭ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦૮ ઘટીને રૂ.૪૩૦૨ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૭૦૭ સોદાઓમાં કુલ રૂ.૨૯૯.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૫૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૬૫૦ અને નીચામાં રૂ.૨૧૫૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ.૨૧૫૯૦ના જ સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૩૦ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૧.૮ વધીને બંધમાં રૂ.૧૦૨૮.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૫૦.૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૮ અને નીચામાં રૂ.૯૫૦.૧ રહી, અંતે રૂ.૯૬૨.૭ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૪૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૪૬ અને નીચામાં રૂ.૧૨૪૨ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ ઘટીને રૂ.૧૨૪૪.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. રબરનો ફેબ્રુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૧૩૯ના ભાવે ખૂલી, ઊપરમાં રૂ.૧૬,૨૭૦ અને નીચામાં રૂ.૧૫,૯૭૫ બોલાઈ, અંતે રૂ.૭૮ વધી રૂ.૧૬,૧૮૪ના સ્તરે બંધ થયો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૯૧૯૫ સોદાઓમાં કુલ રૂ.૨૩૭૮.૭૮ કરોડ ની કીમતનાં ૫૧૭૩.૭૮૪ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૯૬૦૭ સોદાઓમાં કુલ રૂ.૩૬૦૯.૨૩ કરોડ ની કીમતનાં ૫૨૮.૫૯૬ ટન, ક્રૂડ તેલમાં ૨૪૦૨૩ સોદાઓમાં રૂ.૧૭૮૮.૧૦ કરોડનાં ૪૧૩૪૯૦૦ બેરલ્સ, કોટનમાં ૧૩૩૭ સોદાઓમાં રૂ.૧૨૯.૪૨ કરોડનાં ૫૯૪૦૦ ગાંસડી.

### વેરાવળના ૬, સુત્રાપાડા અને કોડીનારના ૨ - ૨ સામે જિલ્લા ભાજપ પ્રમુખે કરી કડક કાર્યવાહી

# વેરાવળના પૂર્વપ્રમુખ રવી ગોહેલ સહિતના બળવાખોરો ભાજપમાંથી સસ્પેન્ડ

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૯

ગીર સોમનાથમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપ પાર્ટી સામે બંડ પોકારી ચૂંટણીમાં અપક્ષ કે અન્ય પાર્ટીમાંથી ઉમેદવારી કરી રહેલા ૧૦ હોદેદારોને જિલ્લા ભાજપ પ્રમુખે પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવાની આકરી કાર્યવાહી કરતા ચકચાર પ્રસર્યો છે. હજુ પણ ભાજપ પાર્ટીમાં રહી પક્ષ વિરોધી કરતા કાર્યકર હોદેદારોને સસ્પેન્ડ કરવાની તજવીજ ચાલી રહી હોવાનું જાણવા મળી છે. આજે સસ્પેન્ડ કરાયેલામાં વેરાવળના ૬, સુત્રપાડા અને કોડીનાર વિસ્તારના ૨-૨ મળી કુલ ૧૦ હોવાનું સામે આવ્યુ છે. ગીર સોમનાથમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા સત્તાધારી ભાજપમાં રાફડો ફાટ્યો હતો. જો કે, અનેક આગેવાનો અને મોટાભાગના કાર્યકરોની ટિકિટ કપાતા રોષે ભરાયા હતા. જેથી પાર્ટીમાં વંચિત રહેલા આગેવાનો અને કાર્યકરોમાં ઉકળતો ચરૂ સામે આવ્યો હોય તેમ અનેક આગેવાનોએ પાર્ટી સામે બંડ પોકારી અપક્ષ ઉમેદવારી નોંધાવી દેતા રાજકારણ ગરમાયું હતુ. જો કે, ભારતીય જનતા પાર્ટીમાં પક્ષના જ આગેવાનો અને કાર્યકરોના બળવાને ગંભીરતાથી લઈ જિલ્લા ભાજપ પ્રમુખે આવા લોકોની પક્ષમાંથી હકાલપટ્ટી કરી દેતા ખળભળાટ મચ્યો છે. આ બાબતે જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંગ પરમારે જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન ગીર સોમનાથ જિલ્લાના દરેક કાર્યકર્તા પાર્ટીના ઉમેદવારોને વિજયી બનાવવા માટે અથાગ પરિશ્રમ કરી રહ્યા છે



ત્યારે ભાજપના ઉમેદવારો સામે અપક્ષ ઉમેદવારી નોંધાવી પક્ષ વિરોધી પ્રવૃતિ કરી પાર્ટીને નુકશાન કરનાર ૧૦ જેટલા આગેવાનો કાર્યકરોને પાર્ટીની તમામ જવાબદારીમાંથી મુક્ત કરી પ્રાથમિક સભ્યપદેથી પણ તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સસ્પેન્ડ કરાયેલાની યાદી (૧) રવિભાઈ ગોહેલ (પૂર્વ પ્રમુખ - વેરાવળ નગરપાલિકા), (૨) ઉદયભાઈ શાહ (પૂર્વ ઉપપ્રમુખ - વેરાવળ નગરપાલિકા), (૩) પૂજાબેન શાહ (કાર્યકર), (૪) રમેશ ભુપ્તા (પૂર્વનગરસેવક - વેરાવળ નગરપાલિકા), (૫) હરેશ સોલંકી- (વેરાવળ તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ), (૬) નાથાભાઈ લાડવા (કાર્યકર) તમામ વેરાવળના તથા (૭) નરસિંહભાઈ જાદવ (પૂર્વ પ્રમુખ સુત્રાપાડા તાલુકા ભાજપ), (૮) જગદીશ બારડ (સુત્રાપાડા તા.પં.ના પૂર્વ પ્રમુખ) બંન્ને રહે.સુત્રાપાડા, (૯) પ્રતાપ મહિડા (કોડીનાર ભાજપના પૂર્વ મહામંત્રી), (૧૦) વિશાલભાઈ ગાધે (કાર્યકર) બંન્ને રહે.કોડીનારનાને સસ્પેન્ડ કરાયા છે. અત્રે નોંધનીય છે કે, ભાજપે વેરાવળના સસ્પેન્ડ કરેલા પૂર્વ પાલિકા પ્રમુખ રવિભાઈ ગોહેલ, પૂર્વ ઉપપ્રમુખ ઉદય શાહે ગત ૨૦૧૫ની પાલિકાની ચૂંટણીમાં પણ પાર્ટીથી નારાજ થઈ અપક્ષ ઉમેદવારી નોંધાવી ચૂંટણી લડી હતી. જેમાં તેમની સજોડે હાર થઈ હતી. ત્યારબાદ ૨૦૧૭ની ચૂંટણી સમયે વેરાવળમાં યોજાયેલી ચૂંટણી સભામાં ભાજપના તત્કાલિન રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે બન્નેને કેસરી ખેસ પહેરાવી આવકાર્યા હતા. હવે પાલિકાની ચૂંટણી આવી છે ત્યારે ફરી બન્નેએ ટિકિટ ફાળવણીથી નારાજ થઈ ભાજપ સામે ઉમેદવારી નોંધાવી છે. જેને જિલ્લા ભાજપ પ્રમુખે પક્ષ વિરોધી ગણી બન્નેને સસ્પેન્ડ કર્યા છે. આ ઉપરાંત સુત્રાપાડામાંથી સસ્પેન્ડ કરાયેલા નરસિંહભાઈ જાદવએ ભાજપમાં વર્ષોથી સક્રીય રહી અનેક મહત્વપૂર્ણ હોદાઓ પર સફળ ફરજ બજાવી હતી. આ વખતની જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પ્રાંસલી બેઠકના પ્રબળ દાવેદાર હતા. જે બેઠક માટે પ્રથમ જિલ્લા પ્રમુખના પીતરાઈ ભાઈની પસંદગી થયેલ જેમાં વિવાદ ઉભો થતા નવા નામની પસંદગી થઈ હતી. જેનાથી નારાજ થઈ નરસિંહભાઈએ અપક્ષ દાવેદારી નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે.

### મહારાષ્ટ્રના ગવર્નર છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ નિમિત્તે શીવરાયાની મૂર્તિને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા



## સુરત શહેરમાં ભાજપના વોર્ડ પ્રમુખે કોંગ્રેસનો પ્રચાર કર્યો હોવાનો આક્ષેપ

(જી.એન.એસ.)સુરત,તા.૧૯

સુરત શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટીના વોર્ડ પ્રમુખની કથિત ઑડિયો ક્લિપ વાયરલ થઈ છે. આ ક્લિપમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ભાજપના વોર્ડ પ્રમુખે કોંગ્રેસનો પ્રચાર કર્યો હોવાનો આક્ષેપ છે. હાલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી ચાલી રહીં છે ત્યારે આજે પ્રચારનો છેલ્લો દિવસ છે તેવામાં ભાજપના વોર્ડ પ્રમુખ પાર્ટીથી નારાજ હોય અને કાર્યકરોને કોંગ્રેસને મતદાન કરાવા માટે અપીલ કરતા હોવાનો એક ઓડિયો વાઈરલ થતાની સાથે ભાજપમાં ભૂકંપ સર્જાયો છે. જોકે અન્ય આગેવાન આ ઑડિયો વાઈરલ થતા ડેમેજ કંટ્રોલ કરવા લાગ્યા છે. હાલમાં ચાલી રહેલા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ દ્વારા ઉમેદવારની પસંદગીની જે ગાઈડ લાઈન બનાવામાં આવી હતી તેને લઈને કાર્યકરોમાં નારાજગી હતી. છેલ્લા પાંચ વરિષ્ઠ કાર્યકરો જે વોર્ડમાં કામ કરતા હતા ત્યાં આયાતી ઉમેદવાર મૂકવામાં આવ્યા બાદ કાર્યકરોની નારાજગી જોવા મળી હતી. આ નારાજગી બહાર ખુલીને નથી આવી પણ અંદોરઅંદર કામ કરવાની સાથે પાર્ટીને ડેમેજ કરવાનું કામ કાર્યકારો કરતા હતા સુરતના કતારગામ વિસ્તારમાં આવેલ અન્ય વૉર્ડના કાર્યકરોને ન ગમતા અને કોંગ્રેસમાંથી આવેલા ઉમેદવારોને ટિકિટ આપતા નારાજગી જોવા મળી રહી છે. જોકે બિપિન ગાયત્રી તરીકે ઓળખાતા અને ખાસ કરીને સુરતના સાંસદ અને સુરત શહેર પ્રમુખ નિર્જન ઝાંઝમેરના નજીકના ગણાતા આ પ્રમુખનો ઓડિયો જયારે ચૂંટણી પ્રચારનો આજે છેલ્લો દિવસ છે ત્યારે વાઈરલ થતા ભાજપમાં હડકંપ મચી જવા પામ્યો છે.

## પોરબંદરમાં એક પત્ની કોંગ્રેસમાં, બીજી ભાજપમાં, પથ્થરમારાનો આક્ષેપ

(જી.એન.એસ.)પોરબંદર,તા.૧૯

પોરબંદરમાં ભાજપના જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન વિચિત્ર પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. જેમાંથી એક પત્નીને ભાજપમાંથી જ્યારે બીજા પત્નીને કોંગ્રેસે પાલિકામાં ટિકિટ આપી છે. કોંગ્રેસમાંથી લડતાં પત્ની તેમનાથી અલગ રહે છે. પતિએ ઘર ઉપર પથ્થરમારો કર્યો હોવાની જાણ તેમણે પોલીસને કરતાં મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે. પોરબંદર પાલિકાની ચૂંટણી માટે વોર્ડ નંબર ૩માંથી ભાજપ દ્વારા જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ કેશુભાઈ સીડાના પ્રથમ પત્ની ઉષાબેનને ટિકિટ આપવામાં આવી હતી.

જ્યારે તેમના બીજા પત્ની શાંતિબેનને કોંગ્રેસમાંથી ચૂંટણીમાં ઝંપલાવ્યું છે. કેશુભાઈ તથા ઉષાબેન સાથે રહે છે. જ્યારે શાંતિબેન ઘર નજીક જ રહે છે. બીજા પત્ની શાંતિબેને પોલીસને ફોન કરીને જાણ કરી કે કેશુભાઈ ઘરની બહાર પથ્થરમારો કરીને કાચ તોડીને જતા રહ્યા છે. આ ચૂંટણીમાં કેશુ સીડાનું સમર્થન તેમની પહેલી પત્નીને છે. બીજી પત્નીની કોંગ્રેસમાંથી દાવેદારીથી ગિન્નાયા હતા. બીજી પત્નીની અન્ય પક્ષમાંથી દાવેદારી થતા તેમણે બીજી પત્નીના ઘર બહાર તોડફોડ કરી હતી. તેમજ ચૂંટણીમાંથી ખસી જવા અને પ્રચારમાં ન જવા તેમણે બીજી પત્નીને ધમકી આપી હતી. ત્યારે તેમનો ધમકીભર્યો અને અપશબ્દો બોલતો ઓડિયો પણ સામે આવ્યો છે. ત્યારે આ ઘટનાને પગલે તેમની વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

### બિનધાસ્ત મુંબઈગરા



મુંબઈ અને મહારાષ્ટ્રમાં કોરોના પેશન્ટ ની સંખ્યા વધી રહી છે. સરકાર દ્વારા અનેક કડક પગલાંની જાહેરાત કરાઈ છે તેમ છતાં બેફિકર નાગરિકો માસ્ક વિના ફરી રહ્યા છે અને કોરોનાં ને આમંત્રણ આપી રહ્યા છે. જો આમ જ ચાલતું રહેશે તો મુંબઈમાં ફરી લોકડાઉંન લાગુ થઈ શકે છે.

## ઉના ન. પાલીકા કર્મી દ્વારા રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિમાં રૂ.૧૪,૦૦૫ સમર્પણ



ચક્રવાત ટીમ ઉના, તા.૧૯

રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિમાં ઉના નગર પાલિકા ચીફ ઓફિસર તેમજ ન. પા. કર્મચારી મંડળ દ્વારા રૂ. ૧૪,૦૦૫ અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણમાં સમર્પણ આપેલ છે. આ તકે મંદિર નિર્માણ નિધિ સમિતિએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

# ઉપલેટામાં જિલ્લાની ૩ બેઠક અને તાલુકાની ૧૮ બેઠકો પર કુલ ૬૬ ઉમેદવારો મેદાને

ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૧૯

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં સમગ્ર ગુજરાતમાં રાજકીય માહોલ ખૂબ જ ગરમાયો છે તો બીજી તરફ ઘણી બેઠકો પર ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ઘણા ઉમેદવારો મતદાન વગર જ ચૂંટણીઓ જીતી ચૂક્યા છે અને પ્રજા પસંદ કરે એ પહેલાં જ તેમને જીત મળી ગઈ છે અને સત્તા પણ આવી ગઈ છે ત્યારે વાત કરીએ ઉપલેટામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જેમાં રાજકોટ જિલ્લા પંચાયત માટે કુલ ૦૯ ફોર્મ ભરાયાં હતાં જેમાંથી એક પણ ફોર્મ રદ નથી થયું કે નથી કોઈએ ફોર્મ પરત ખેંચ્યું જેથી જિલ્લા પંચાયત માટે કુલ ૦૯ ઉમેદવારો મેદાને છે જ્યારે ઉપલેટા તાલુકા પંચાયત માટેની કુલ ૧૮ બેઠક આવેલ છે જેમાં કુલ ૭૭ ઉમેદવારોએ પોતાના ફોર્મ રજૂ કર્યા હતાં જેમાંથી ૧૧ જેટલા ફોર્મ રદ થયા હતા જ્યારે બીજી તરફ ૦૫ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચ્યા હતા અને અંતમાં કુલ ૫૭ ઉમેદવારો હાલ મેદાને છે.

ઉપલેટામાં પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ આવી છે ત્યારે અહીંયા રાજકોટ જિલ્લા પંચાયતની ૦૩ બેઠકો આવેલી છે અને તાલુકા પંચાયતની ૧૮ બેઠકો આવેલી છે ત્યારે આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં પણ કોંગ્રેસના ગઢ કહેવાતા ધોરાજી-ઉપલેટા વિસ્તારના ધોરાજી તાલુકા પંચાયતના ઝાંઝમેર બેઠકના ભાજપના ઉમેદવારે પોતાનું ફોર્મ પરત ખેંચતા કોંગ્રેસને મતદાન પહેલા જ એક બેઠક પર વિજય મળી ગયો છે. હવે વાત કરીએ ઉપલેટા તાલુકામાં આવતી જિલ્લા પંચાયતની તો ઉપલેટામાં ૦૩ બેઠકોમાં કુલ ૦૯ ઉમેદવારો મેદાને છે જ્યારે ઉપલેટા તાલુકા પંચાયતની ૧૮ બેઠકો પર કુલ ૫૭ ઉમેદવારો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાટે મેદાને ઉતર્યા છે. ઉપલેટામાં રાજકોટ જિલ્લા પંચાયતની ૦૩ બેઠકો માટે કુલ ૦૯ ઉમેદવારો મેદાને છે જેમાં ૧૧-ડુમીયાણી બેઠક પર ૦૨, ૧૬-કોલકી બેઠક પર ૦૩, ૨૩-પાનેલીમોટી બેઠક પરથી ૦૪ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે જ્યારે ઉપલેટા તાલુકા પંચાયતની ૧૮ બેઠકો પરથી કુલ ૫૭ ઉમેદવારો મેદાને ઉતર્યા છે જેમાં અરણીમાં ૦૩, ઢાંક-૧ માં ૦૨, ઢાંક-૨ માં ૦૪, ડુમીયાણીમાં ૦૩, ગણોદમાં ૦૩, ખાખીજાળીયામાં ૦૩, ખારચિયામાં ૦૫, ખીરસરામા ૦૩, કોલકીમાં ૦૪, મજેઠી મેલીમાં ૦૨, મોજીરામા ૦૩, નાગવદરમા ૦૩, પાનેલીમોટી-૧ માં ૦૨, પાનેલીમોટી-૨ માં ૦૩, સમઢિયાળામા ૦૪, તલગણામા ૦૩, ટિંબળીજામમા ૦૫, વરજાંગજાળીયામા ૦૨ ઉમેદવારો હાલ મેદાને છે.

ઉપલેટામાં તાલુકા અને જિલ્લા પંચાયતના મતદારોની વાત કરીએ તો તાલુકા પંચાયતની ૧૮ બેઠકો પર કુલ ૭૮,૧૬૪ લોકોનું મતદાન છે જેમાં ૩૭,૪૧૨ મહિલા મતદારો છે જ્યારે ૪૦,૭૫૨ પુરુષ મતદારો છે. રાજકોટ જિલ્લા પંચાયતની ૧૧-ડુમીયાણી બેઠક પર ૧૨,૮૨૪ મહિલા જ્યારે ૧૪,૦૭૦ પુરુષ એમ ફૂલ ૨૬,૮૯૪ મતદારો છે જ્યારે ૧૬-કોલકી બેઠક પર ૧૧,૮૧૫ મહિલા જ્યારે ૧૨,૭૧૬ પુરુષ મતદારો છે અને ૨૩-પાનેલીમોટી બેઠક પર ૧૨,૭૭૩ મહીલાઓ જ્યારે ૧૩,૯૬૬ પુરુષ મતદારો મળી ફૂલ ૨૬,૭૩૯ મતદારો છે ત્યારે આવતી ૨૮ ફેબ્રુઆરીના રોજ આ તમામ ૬૬ ઉમેદવારોમાંથી લોકો કોને મત આપી અને ઉમેદવારને જીતાડશે તે તો મત ગણતરી થયા બાદ જ સામે આવશે.

## ટંકારાના નેસડા(ખા) ગામે જુગાર રમતા ૭ પત્તાપ્રેમી ઝડપાયા



ચક્રવાત ટીમ ટંકારા, તા.૧૯

ટંકારા તાલુકાનાનેસડા(ખા) ગામે રહેણાંક મકાનમાં જુગારધામ ચાલતું હોવાની બાતમીના આધારે એલસીબીટીમે દરોડો પાડી ત્યાંથી સાત શખ્સોને ૧ લાખથી વધુના મુદામાલ સાથે ઝડપી પાડીધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ હાલમોરબીના નવલખી બાયપાસ રોડ પર આવેલ અંજલી એપાર્ટમેન્ટમાં રહેતા અને મૂળ ટંકારાતાલુકાના નેસડા(ખા) ગામનાપંકજભાઈ વાલજીભાઈ ભાડજા નેસડા(ખા) ગામે આવેલ મમતા પ્રોવિઝન સ્ટોર પાછળ આવેલ પોતાના કબ્જાભોગવટ વાળા મકાનમાં બહારથી માણસો બોલાવી જુગારધામ ચલાવતો હોવાની બાતમીના આધારેએલસીબી ટીમે દરોડો પાડી ત્યાંથી જુગાર રમી રમાડતા પંકજભાઈ વાલજીભાઈ ભાડજા, ભુદરભાઈપરસોતમભાઈ ભીમાણી, ઈબ્રાહીમ ગુલામભાઈ ચૌહાણ, રમેશભાઈ દેવકરણભાઈ ગોપાણી, વસંતભાઈમગનભાઈ ધોડાસરા, પ્રાણજીવનભાઈ કુબેરભાઈ ભાડજા અને પ્રેમજીભાઈ નાથાભાઈ ભાડજાનેએલસીબી ટીમે રોકડ રકમ રૂ.૧,૦૪,૫૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહીહાથ ધરી છે.

## પનવેલમા લગ્ન નકારનાર માતા-પુત્રીની હત્યા, વડિલ પર યુવકે વાર કર્યા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૯

પનવેલમા પુત્રી સાથે લગ્ન કરવાની ના પાડી દીધા બાદ બાજુમાં રહેતા એક યુવકે ગુસ્સામાં તેની માતા સાથે યુવતીની હત્યા કરી હતી. પછી યુવતીના પિતા પર હુમલો કર્યો. આ ઘટના આજે (શુકવારે)સવારે ૧૦ વાગ્યે પનવેલના પારગાવ્મા બની હતી.

પુત્રી સાથે લગ્ન કરવાની ના પાડી દીધા બાદ પ્રકાશ મોરે યુવતી અને તેની માતાની હત્યા કરી હતી. આ વખતે તેણે યુવતીના પિતા પર પણ હુમલો કર્યો હતો. હુમલો થયા બાદ પ્રકાશ ફરાર થઈ ગયો છે. પોલીસ તેની શોધ કરી રહી છે.

## આરતી ઈન્ડસ્ટ્રીઝમાં સવારે અચાનક બ્લાસ્ટ : આગ ભભૂકી ઉઠતા ભારે દોડધામ



ચક્રવાત ટીમ ઝઘડીયા, તા.૧૯

ઝઘડીયા જી.આઈ.ડી.સીમાં આવેલી આરતી ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાં આજરોજ વહેલી સવારે અચાનક બ્લાસ્ટ બાદ આગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી જવા પામી હતી. આ ઘટનામાં બે થી વધુ કામદારો દાઝી જતાં ભરૂચ ની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. રીએક્ટરમાં બ્લાસ્ટ બાદ આગ લાગી હોવાના કારણે કામદારો દાઝી ગયા હોવાનું હાલ પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે, જોકે હાલ સુધી કંપની સત્તાધીશો તરફથી દુર્ઘટના અંગેનાં કારણો બાબતે કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. મહત્વનું છે કે ઝઘડીયા જી.આઈ. ડી.સીમાં આવેલ અનેક કંપનીઓમાં અવારનવાર આ પ્રકારના અકસ્માતનાં બનાવો દિન પ્રતિદિન વધી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે જેમાં કામદારોનાં જીવનું જોખમ ઉભું થાય છે. તે જોવું રહ્યું. આ ઘટનાની જાણ ઝઘડીયા પોલીસ ને થતાં ઝઘડીયા પોલીસ ઘટના સ્થળે પહોચી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

## એનાટોમીઝ ૩-ડી મેડટેક અને એપોલો હોસ્પિટલ્સની ભાગીદારી

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૯

એપોલો હોસ્પિટલ્સ જૂથ, એશિયાના અગ્રણી સંકલિત આરોગ્યસંભાળ પ્રદાતાઓમાંના એક અને દેશમાં આરોગ્યસંભાળ ઉદ્યોગ માટે ડિઝાઈન, ૩ ડી પ્રિન્ટીંગ, ઝડપી પ્રોટોટાઈપિંગ અને બાયોપ્રિન્ટિંગ ટેકનીકના ક્ષેત્રમાં અગ્રણી 'દર્દી-વિશેષ' ઉકેલો પ્રદાન કરે છે. કંપની એનાટોમીઝ ૩ ડી મેડટેક પ્રા.લિ.એ આજે જટિલ પ્રત્યારોપણની ડિઝાઈન અને છાપવા માટે સહયોગની જાહેરાત કરી છે. આ ભાગીદારી અંતર્ગત, એપોલો હોસ્પિટલ્સ અને એનાટોમીઝ ૩ ડી મેડટેક પ્રા.લિ. ભારતમાં ૩ ડી પ્રિન્ટેડ ઈમ્પ્લાન્ટ માટે હોસ્પિટલ ૩ ડી પ્રિન્ટિંગ લેબ સ્થાપવાની પહેલ કરશે. આ રીતે, ડોકટરો જટિલ પ્રત્યારોપણની કલ્પના અને છાપવામાં સમર્થ હશે. એપોલો હોસ્પિટલ્સ ગ્રુપના અધ્યક્ષ ડો.પ્રતાપ સી. રેડ્ડીએ કહ્યું, હવે એમ



કહેવું ખોટું નહીં થાય કે હવે હેલ્થકેરનું ભવિષ્ય હવે હોસ્પિટલ ૩ ડી પ્રિન્ટિંગ લેબમાં આવેલું છે! લોકોને આરોગ્ય માટે યોગ્ય સેવાઓ બનાવવી એ હાલના યુગમાં એક નવો મંત્ર છે અને જીનોમિક્સ અને ચોકસાઈની દવાઓમાં આગળ વધવું એ વ્યક્તિગત સ્તરે શક્ય નિવારણ અને સારવાર શક્ય બનાવ્યું છે. વિશિષ્ટ દવાઓથી લઈને લક્ષિત ઉપચાર સુધીની કસ્ટમાઈઝ્ડ ઈમ્પ્લાન્ટ્સ અને પ્રોસ્થેટિક્સ સુધીની, અને હવે ૩ ડી પ્રિન્ટીંગ ટેકનોલોજીએ તબીબી જગતને સંપૂર્ણપણે પરિવર્તિત કર્યું છે. તેમની સહાયથી, હવે તબીબી સંભાળ મેળવવા માટે, ઝડપી, સચોટ અને આર્થિક ઉપાય આપવામાં આવી રહ્યા છે! જેમ જેમ આરોગ્યસંભાળ વિકસિત થાય છે તેમ, ૩ ડી-પ્રિન્ટિંગ ભવિષ્યના આ રૂપાંતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. એનાટોમિઝ ૩ ડી મેડટેકના સહ-સ્થાપક અને સીટીઓ કુ. ફિરોઝા કોઠારીએ જણાવ્યું હતું કે, ૨૦૧૫ થી, એનાટોમીઝ ૩ ડી, દરેક દર્દી માટે આરોગ્યસંભાળને યોગ્ય બનાવવા માટે અને ૩ ડી પ્રિન્ટિંગની ક્ષમતામાં વિશ્વાસ ધરાવે છે અને તે શોધવાનું શક્ય છે ત્યાં જ. વાસ્તવિકતા માં તમારી દ્રષ્ટિ. એપોલો હોસ્પિટલ્સ, પ્રગતિશીલ સંસ્થા અને દર્દીઓની સુધારણા માટે નવી ટેકનોલોજી અપનાવવામાં હંમેશાં અગ્રણી જૂથ સાથે અમારું વ્યૂહાત્મક સહયોગ ખરેખર આ દિશામાં એક મજબૂત પગલું છે. આ ટેકનીકીનો ઉપયોગ કરવા સાથે, અમે આ દિશામાં વધુ સંશોધન અને વિકાસ કાર્ય પણ કરી શકીએ છીએ. એકસાથે, એપોલો હોસ્પિટલ્સ અને એનાટોમીઝ ૩ ડી, જીવનની ઉન્નત ગુણવત્તા માટે દર્દીઓ માટે વૈવિધ્યપૂર્ણ તબીબી ઉપકરણોને સહેલાઈથી ઉપલબ્ધ બનાવવાનું લક્ષ્ય રાખે છે. ૩ ડી પ્રિન્ટિંગ ટેકનીકમાં અદ્યતન ટેકનીકીએ ઓછા સમય અને ઓછા ખર્ચે કસ્ટમાઈઝ્ડ, હલકો, મજબૂત, સુરક્ષિત અને ઉચ્ચ પ્રદર્શન ઉત્પાદનોનું ઉત્પાદન શક્ય બનાવ્યું છે. આ ટેકનીક ડોકટરોને તેમના દર્દીઓની વધુ સારી સમજ આપે છે અને દર્દી માટે તેમના શરીરરચના અનુસાર ખાસ કરીને રચાયેલ ઉત્પાદનો સાથે દર્દીના આરામના સ્તરમાં સુધારો કરે છે.

## મોબાઈલ પર વાત બાદ પત્નીએ યુપીમાં અને પતિએ સુરતમાં આત્મહત્યા કરી

(જી.એન.એસ.)સુરત,તા.૧૯

સુરત શહેરના પાંડેસરાના વિસ્તારમાંથી એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી હતી. અહીની યુપીવાસી યુવકની પત્નીએ વતનમાં આત્મહત્યા કરી લીધી હતી. પત્નીના મૃત્યુનો આઘાત જીરવી ન શકનારા યુવકે પણ બપોરે ઘરમાં ડાબા હાથની નસ કાપી ફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો હતો. પતિ-પત્ની વચ્ચે મોબાઈલ ફોન પર લગભગ અડધો કલાક સુધી વાતો કર્યા બાદ બંનેએ વારાફરતી મોતને વ્હાલું કરી લેતાં પરિવારજનો ઘેરા શોકમાં ડૂબી ગયા છે. મૂળ ઉત્તરપ્રદેશનો વતની પ્રદીપ સંતોષ પાંડે (ઉંમર-૨૬) પાંડેસરા ખાતેના મહાલક્ષ્મીનગરમાં રહેતો હતો. માર્કેટમાં સાડીની દુકાનમાં નોકરી કરતાં પ્રદીપના ગત ડિસેમ્બર માસમાં લગ્ન થયા હતા. તેની પત્ની રીતુ વતન ઉત્તર પ્રદેશમાં રહેતી હતી. દરમિયાન ગુરુવારે બપોરે પ્રદીપની ઘરમાંથી લાશ મળી આવી હતી. પ્રદીપે તીક્ષ્ણ સાધનથી ડાબા હાથની નસ કાપી ઘરમાં પંખા સાથે ગમછો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. પ્રદીપે અણધાર્યુ પગલું ભર્યું હોવાની જાણ થતાં તેના સગા સંબંધી આઘાતમાં ઘરી ગયા હતા. બીજી બાજુ તેની પત્ની રીતુએ પણ આત્મહત્યા કરી લીધી હોવાનું સાંભળી તેઓ દિગ્મૂઢ થઈ ગયા હતા. પોલીસે જણાવ્યું કે પ્રદીપ પાંડેસરા ખાતે અને રીતુ વતન યુપીમાં રહેતી હોય બંને વચ્ચે મોબાઈલ ફોન પર વાતચીત થતી હતી. ગુરુવારે સવારે પણ તેમની વચ્ચે લગભગ અડધો કલાક વાતો ચાલી હતી. બંને વચ્ચે શું વાતો થઈ એના વિશે કોઈને કોઈ માહિતી નથી. દરમિયાન પ્રદીપને રીતુએ ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લીધું હોવાના સમાચાર મળ્યા હતા. જેનો આઘાત જીરવી નહીં શકતાં તેણે પણ મોતની સોડ તાણી લીધી હતી. બનાવ અંગે પાંડેસરા પોલીસ તપાસ કરી રહી છે.

મોટેરા દુનિયાનું પ્રથમ સ્ટેડિયમ છે, જ્યાં ૧૧ મલ્ટીપલ પિચ છે. ૬માં રેડ સોઇલ અને ૫માં બ્લેક સોઇલનો ઉપયોગ કરવામાં આવ્યો છે

# ૧૧ મલ્ટીપીચ સાથેના સૌથી મોટા ગ્રાઉન્ડમાં ઈંગ્લેન્ડ સામેની મેચની તૈયારીઓ શરૂ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૪ ટેસ્ટ શ્રેણીની ત્રીજી અને ચોથી ટેસ્ટ અમદાવાદના નવનિર્મિત મોટેરા સ્ટેડિયમ ખાતે રમાશે. વર્લ્ડના સૌથી મોટા સ્ટેડિયમ ખાતે પહેલીવાર ક્રિકેટ મેચ જોવા દર્શકોમાં ભારે ઉત્સાહ છે. ગઈકાલે અમદાવાદમાં આગમન ૫ છી આજે ઈંગ્લિશની ટીમ ગ્રાઉન્ડ ખાતે પ્રેક્ટિસ કરવા ગઈ હતી. પિ ચ પર પણ કામ શરૂ થઈ ગયું છે. રોલર ફેરવાઈ રહ્યો છે. અત્યારે બહુ ઘાસ છે, જે આગામી દિવસોમાં કાઢી નાખવામાં આવશે. વીડિયોમાં દેખાઈ છે તેટલું ઘાસ મેચના દિવસે હશે નહીં. ઈંગ્લેન્ડની ટીમ પ્રેક્ટિસ કરી રહી હતી, ત્યારે સ્ટેડિયમમાં બેકગ્રાઉન્ડમાં વંદે માતરમ ગીત વાગી રહ્યું હતું.

અમદાવાદના નવનિર્મિત મોટેરા સ્ટેડિયમ ખાતે પ્રથમવાર ક્રિકેટ મેચ રમાઈ એની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. દુનિયાના સૌથી મોટા સ્ટેડિયમ હોવા ઉપરાંત મોટેરાની અન્ય એક ખાસ વાત છે, મોટેરા વર્લ્ડનું પહેલું ક્રિકેટ સ્ટેડિયમ છે, જ્યાં ૧૧ મલ્ટીપલ પિચ છે.





મોટેરા દુનિયાનું પ્રથમ સ્ટેડિયમ છે, જ્યાં ૧૧ મલ્ટીપલ પિચ છે. ૬માં રેડ સોઈલ અને ૫માં બ્લેક સોઈલનો ઉપ યોગ કરવામાં આવ્યો છે. આમ તો ૧૩ પિચ થઈ શકે એમ છે, પરંતુ બોલર રનરઅપ અને અન્ય સ્પેસ માટે આંકડો ૧૧ સુધી સીમિત રાખવામાં આવ્યો છે. મોટેરામાં મેન ગ્રાઉન્ડ ઉપરાંત જે અન્ય બે પ્રેક્ટિસ ગ્રાઉન્ડ છે, ત્યાં પણ ૯-૯ મલ્ટીપલ પિચ છે. એમાં ૫ રેડ સોઈલ અને ૪ બ્લેક સોઈલથી બનાવવામાં આવી છે. બ્લેક અને રેડ બંને સોઈલનું આવું પ્રેઝન્સ વર્લ્ડના અન્ય કોઈપણ સ્ટેડિયમમાં આવી વેરાઈટી જોવા નહીં મળે.

એક સમયે સૌથી વધુ મલ્ટીપલ પિચનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (સ્ઝ્ય)ના નામે હતો. ત્યાં ૧૦ મલ્ટીપલ પિચ હતી, જોકે હવે ૭ જ રહી ગઈ છે. મિડલ પિચ પર વધુ ક્રેક પડે અને પિચ વધારે સરળતાથી ટેલર-મેડ કરી શકાય એ માટે આ આંકડો ૧૦થી ૭ કરી દેવામાં આવ્યો હતો.

એક સમયે સૌથી વધુ મલ્ટીપલ પિચનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (સ્ઝ્ય)ના નામે હતો. ત્યાં ૧૦ મલ્ટીપલ પિચ હતી, જોકે હવે ૭ જ રહી ગઈ છે

રેડ સોઈલ પિચ પર ઘાસને ૫ રત ફરવાની તક આપે છે. એટલી જ ઘાસ જેનાથી પેસરને વિકેટ પર સિમ મૂવમેન્ટ મળી શકે. બાઉન્સમાં સમાનતા જળવાય રહે અને સ્પિનર્સના બોલ પણ પિચ પર સારી રીતે ઝીપ સાથે ટર્ન થાય. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રેડ સોઈલનો ઉપયોગ થાય છે.

બ્લેક સોઈલ પાણીને સૌથી વધારે એબઝોર્બ કરે છે. તેનાથી. પાણી નાખવામાં આવે ત્યારે સોઈલ સોફ્ટ અને ન નાખવામાં આવે ત્યારે હાર્ડ થઈ જાય છે. ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાના મેદાન પર બ્લેક સોઈલનો ઉપયોગ થાય છે. અહીં જેમ જેમ મેચ આગળ વધે તેમ બોલના બાઉન્સમાં સમાનતા રહેતી નથી. અમુક બોલ વધારે અને અમુલ ઓછા બાઉન્સ થાય છે. એક વખત કોઈ પિચ પર મેચ રમાઈ તો પછી એને રિકવર થવામાં સમય લાગે છે. નવી મેચ માટે પિચ ફ્રેશ હોય એ પણ જરૂરી છે તેમજ હોમ ટીમ પોતાની સ્ટ્રેટેજી પ્રમાણે મેચના અઠવાડિયા પહેલાં કેવી પિચ બનાવી એની ક્યુરેટરને સૂચના આપે છે, તેથી પિચ ક્યુરેટર મલ્ટીપલ પિચમાંથી એ સૂચના મુજબ જે વધારે ફેવરેબલ હોય એને પસંદ કરીને એને ફિનિશિંગ ટચ આપે છે અથવા એના પર વધુ કામ કરે છે. મોટેરાના નવા બનેલા સ્ટેડિયમમાં પરિસ્થિતિઓ ચેન્નાઈથી અલગ હશે. પિચ પર ઘાસ હશે જે પિંક બોલ ટેસ્ટ મેચ માટે ઘણી જ જરૂરી છે. હાલમાં જ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પિચ સારી રહી હતી. જો કે તે વ્હાઈટ બોલ ટૂર્નામેન્ટ હતી પરંતુ બોલ બેટ પર સારી રીતે આવતો હતો.

## ઓસ્ટ્રેલિયા ઓપન : સેરેના વિલિયમ્સ બહાર, સેમિફાઈનલમાં ઓસાકાએ હરાવી

(જી.એન.એસ.)મેલબર્ન,તા.૧૮

દિગ્ગજ ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સનું ઓસ્ટ્રેલિયન ઓપનમાં રેકોર્ડ ૨૪મું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતવાનું સપનું સમાપ્ત થઈ ગયું છે. ઓસ્ટ્રેલિયન ઓપનના મહિલા સેમિફાઈનલ મુકાબલામાં અમેરિકી દિગ્ગજને નાઓમી ઓસાકાના હાથે હારનો સામનો કરવો પડ્યો છે. આ હારની સાથે ઓસ્ટ્રેલિયન ઓપનમાં સેરેના વિલિયમ્સની સફર સમાપ્ત થઈ ગઈ છે. ઓસાકાએ મહિલા સિંગલની પ્રથમ સેમિફાઈનલમાં સેરેનાને ૬-૩, ૬-૪થી હરાવી છે. આ પહેલા ૨૦૧૮માં યૂએસ ઓપનની પ્રથમ સેમિફાઈનલમાં સેરેનાને હરાવનારી ઓસાકા ચોથીવાર કોઈ ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટના ફાઈનલમાં





પહોંચી છે. આ સાથે તેણે પોતાના વિજય અભિયાનને ૨૦ મેચો સુધી પણ પહોંચાડી દીધું છે. જાપાનની ત્રીજા વરિયતા પ્રાપ્ત ઓસાકાએ પાછલા વર્ષે પણ યૂએસ ઓપનનું ટાઈટલ જીત્યું હતું, તો ૨૦૧૯માં તે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ચેમ્પિયન બની હતી. તે શનિવારે ફાઈનલમાં અમેરિકાની જેનિફર બ્રાડી અને ચેક ગણરાજ્યની કારોલિના મુચોવા વચ્ચે રમાનાર બીજી સેમિફાઈનલના વિજેતા સામે ટકરાશે. ગુરૂવારે રોડ લેવર એરેનામાં દર્શકોની વાપસી થઈ છે. તેમને કોવિડ-૧૯ લૉકડાઉનને કારણે પાંચ દિવસ સુધી સ્ટેડિયમમાં આવવાથી રોકવામાં આવ્યા હતા. સેરેના અને ઓસાકાની મેચ જોવા માટે ૭૦૦૦ લોકોને મંજૂરી આપવામાં આવી જે સ્ટેડિયમની ક્ષમતાથી અડધી છે.

## સુનિલ ગ્રોવર કપિલ શર્મા શોમાં પરત આવવાવો નથી : માત્ર એક અફવા છે

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૮

લોકોને સમાચાર મળ્યા હતા કે ફરી એકવાર કપિલ અને સુનીલ સાથે જોવા મળવાના છે. જો કે આ બન્નેની કોમેડી પણ લોકોને જોવી ગમે છે. પણ આ સમાચાર દર વખતની જેમ આ વખતે પણ અફવા નીકળી અને હકીકતમાં તે બન્ને સાથે જોવા મળવાના નથી. હવે સમાચાર મળી રહ્યા છે કે સુનીલે આ શોમાં વાપસી કરવાની ના પાડી દીધી છે. સુનીલે કહ્યું કે કપિલના શોમાં જવાનો મારો કોઈ જ પ્લાન નથી.

છેલ્લા કેટલાક સમયથી આવી રહેલી ખબરો અનુસાર કપિલ શર્મા અને સુનીલ શર્મા એકવાર ફરી સાથે જોવા મળવાના હતા. સલમાન ખાને બન્ને વચ્ચે વાટાઘાટો કરીને સમાધાન કરાવી દીધું હતું. સલમાન ખાન આ શોનો પ્રોડ્યુસર પણ છે. પરંતુ એક અંગ્રેજી અખબાર અનુસાર સુનીલ ગ્રોવરે કહ્યું કે સલમાને આવો કોઈ ફોન નથી કર્યો અને મારો હાલમાં કોઈ પ્લાન નથી.

સુનીલના નજીકના એક માણસે આ વિશે વાત કરી હતી કે, હાલમાં જે પ્રમાણે સુનીલને વેબ સીરિઝમાં નામ અને ફેમ મળી રહ્યું છે એ બધું છોડીને કપિલની કહાનીઓમાં જવું ખોટું છે. કપિલ શર્મા શોથી બહાર નીકળ્યા પછી સુનિલ પોતાની રીતે કામ કરવામાં ઘણો ખુશ છે અને ઘણું સારુ પણ કરી રહ્યો છે. હવે તેણે ફિલ્મો અને વેબ શો પર વધારે ધ્યાન આપવાનું શરૂ કર્યું છે.

## ફિલ્મ અનેકના એક્શન સીનને સ્ટીફન રિક્ટર ડિઝાઈન કરશે

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૮

આયુષ્માન ખુરાના હાલ નોર્થ ઈસ્ટમાં તેની અપકમિંગ ફિલ્મ 'અનેક'નું શૂટિંગ કરી રહ્યો છે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ છે. સૂત્રો મારફતે જાણવા મળ્યું કે આ ફિલ્મ માટે સ્ટીફન રિક્ટરને ઓન બોર્ડ લેવામાં આવ્યા છે. સ્ટીફન આ પહેલાં શાહરુખ ખાન અને હોલિવૂડ એક્ટર રયાન રેનોલ્ડ્સની ફિલ્મમાં કામ કરી ચૂક્યા છે. હવે તે ફિલ્મ 'અનેક'ના એક્શન સીન્સ ડિઝાઈન કરશે.

સ્ટીફને 'ડોન-૨'માં શાહરુખ ખાન અને 'ધ હિટમેન્સ બોડીગાર્ડ'માં રાયન રેનોલ્ડ્સ માટે એક્શન સિક્વન્સ ડિઝાઈન કર્યા હતા. આટલું જ નહીં અજય દેવગણની ફિલ્મ 'શિવાય'ના





એક્શન સીન્સ પણ તેમણે જ ડિઝાઈન કર્યા હતા. સલમાન ખાનની ફિલ્મ 'કિક ૨'માં પણ એક્શન કોરિયોગ્રાફી કરી હતી. આયુષ્માન આ વેટરન એક્શન ડિરેક્ટર સાથે મળીને કામ કરવા માટે ઘણો ઉત્સુક છે અને તેણે સેટ પરથી સ્ટીફન સાથેનો એક ફોટો પોસ્ટ કરીને તેના સોશિયલ મીડિયા પર આ વાતનો ખુલાસો કર્યો.

આયુષ્માન કહે છે, 'અનેક ખરેખર મોટી ફિલ્મ હોવાની સાથે- સાથે મારા કરિયરની પણ સૌથી મોટી ફિલ્મ છે. અનુભવ સિન્હા તેમના વિઝન સાથે દર્શકોને મોટા પડદે અદભુત અનુભવ આપવામાં કોઈ ખામી રાખતા નથી. આ વાત સાચી છે કે સ્ટીફન આ ફિલ્મમાં અમારી સાથે કામ કરી રહ્યા છે.

## પશ્ચિમ બંગાળમાં અભિનેતા યશ દાસગુપ્તા ભાજપમાં જોડાયો

(જી.એન.એસ.)કોલકાત્તા,તા.૧૮

પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પહેલા રાજકીય ગતિવિધિઓ તેજ થઇ ગઇ છે. બંગાળી અભિનેતા અને ટીવીનો સુપરસ્ટાર યશ દાસગુપ્તા સામેલ થઇ ગયો છે, યશ દાસગુપ્તાની બીજેપીમાં એન્ટ્રીથી હવે રાજકીય સમીકરણો થોડા બદલાવવા લાગ્યા છે. એક્ટર યશ દાસગુપ્તાની સાથે સાથે ટૉલીવુડના અન્ય કલાકારોએ પણ કેસરીયો ધારણ કરી લીધો છે, જેમાં યશની સાથે સાથે સંગીતકાર અતનુ રાય, અભિનેત્રી પાપિયા અધિકારી, સૌમિલી વિશ્વાસ, મલ્લિકા બંદોપાધ્યાય સહિતના લાકો છે. આ તમામે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મુકુલ રૉય તથા રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયની ઉપસ્થિતિમાં બીજેપીમાં સામેલ થયા



છે. યશ દાસગુપ્તાએ બીજેપી જોઇન કર્યા બાદ કહ્યું કે, આ મારો ઉતાવળે લેવાયેલો ફેંસલો નથી, હુ યુવાન છુ અને એટલે યુવાઓ મારો ફોકસ છે. બીજેપી એવી પાર્ટી છે જેમાં યુવાઓને હંમેશા મોકો આપવામા આવે છે. આશા છે કે મને પણ યુવાઓ માટે બીજેપીમાં કામ કરવાનો મોકો મળશે.

## વિરાટ ફરી વિવાદમાં : ત્રીજી ટેસ્ટમાં કોહલી પર પ્રતિબંધ મૂકવા પૂર્વ ક્રિકેટર લોયડની માંગ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૮

ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં ફિલ્ડ અમ્પાયર નીતિન મેનન સાથેના વિવાદ બાદ વિરાટ કોહલની ઈંગ્લેન્ડ પૂર્વ ખેલાડીઓ સતત ટિકા કરી રહ્યા છે. ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર અને કોમેન્ટેટર ડેવિડ લોયડએ કોહલીના આ વર્તનને ખોટુ ગણાવ્યું છે અને તેને ઓછામાં ઓછા ત્રણ ટેસ્ટ મેચ માટે બેન કરવાની માગી કરી છે. લોયડે કહ્યું છે કે, જો કોહલીએ કોઈ બીજી રમતમાં આવુ વર્તન કર્યું હોત તો તેની પર સીધો પ્રતિબંધ લગાવી દેવામાં આવત. વાસ્તવમાં ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટ મેચમાં ત્રીજા દિવસે કોહલીએ એક નિર્ણયને લઈને ફિલ્ડ અમ્પાયર નીતિન





મેનન સાથે બોલાચાલી કરી હતી. ત્યાર બાદથી જ તેમના પર એક મેચનો પ્રતિબંધ લગાવાની વાત થઈ રહી છે.

લોયડે બ્રિટશ અખબાર ડેલી મેલની એક કોલમમાં લખ્યું કે, મેદાનમાં આટલુ બધુ થવા છતા શિસ્તભંગનાં પગલાંને લઈને કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી. મને તેના પર દુખ છે. એક નેશનલ ટીમના કેપ્ટનને પિચ ઉપર મેચ અધિકારીની ટિકા કરવની અને ડરાવવાની મજૂરી છે. આવી ઘટના બનવા છતા તેમને બીજી મેચ માટે રમવા દેવામાં આવી રહ્યો છે. કોઈ બીજી રમતમાં આવુ બન્યુ હોત તો તેને રમતમાંથઈ બહાર કરી દેવાયો હોત. તેમને અમદાવાદમાં રમાનાર ટેસ્ટમાં રમવા ન દેવામાં આવે. ઈંગ્લેન્ડના આ પૂર્વ ખેલાડીએ મેચ રેફરી જવાગલ શ્રીનાથની પણ ટીકા કરી છે. તેમણે લખ્યું કે, ફેંસને મેદાન પર કોઈ ખેલાડીના ખરાબ વર્તનને દેખાડવા માટે યેલો અને રેડ કાર્ડની શરૂઆત થઈ હતી. કોહલીએ મેદાનમાં જે રીતે વ્યવહાર કર્યો હતો, તેમને સીધુ રેડ કાર્ડ દેખાડવું જોઈતું હતું. જેનો મતલબ છે કે તે આવનારા ત્રણ મેચ ન રમી શકે. આ મામલે રેફરી શ્રીનાથે ત્રણ દિવસ વિતવા છતા હજુ કોઈ કાર્યવાહી નથી કરી. લોયડ પહેલા ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઈકલ વોને પણ કહ્યું હતુ કે, કોહલી મોટો ખેલાડી છે. તે મેદાન પર આ રીતે અમ્પાયરને ડરાવી ન શકે. બની શકે કે અમ્પાયરનો નિર્ણય યોગ્ય ન હોય પરંતુ તમે એક કેપ્ટન તરીકે આવુ ન કરી શકો.

## મારી બાયોપિકમાં રણવીર મારી ભૂમિકા ભજવતો સારું લાગશેઃ ભજ્જી

### ગીતા બસરાની ભૂમિકા કિયારા અડવાણી ભજવે

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૮

હરભજને કહ્યું કે પર્દા પર રણવીર તેમની ભૂમિકામાં રોલ ભજવતો સારો લાગશે. આની સાથે હરભજને પણ જણાવ્યું કે, તેમની પત્ની ગીતા બસરાની ભૂમિકા કિયારા અડવાણી ભજવી શકે છે.

જ્યાં હરભજને રણવીરનું નામ લીધું ત્યાં તેમની પત્ની ગીતા બસરાએ કહ્યું કે અભિનેતા વિક્કી કૌશલ તેમના પતિની બાયોપિક માટે પરફેક્ટ રહશે. તેમને પોતાની ભૂમિકા અંગે જણાવ્યું કે પ્રિયંકા ચોપરા તેમની ભૂમિકા નિભાવી શકે છે. કિયારામાં મને મારા જેવું કશું દેખાતું નથી. આ વચ્ચે હરભજન સિંહ



અને ગીતા બસરાએ તેમની પ્રેમ કહાની અંગે વાત કરી હતી. ગીતાએ જણાવ્યું કે હરભજને તેનો પીછો કર્યો અને ત્યાં સુધી કે તેના માટે મેચની વીવીઆઇપી ટિકિટ પણ મોકલી હતી. હરભજનને ગીતા સાથે ડેટ પર જવા માટે સમય લાગ્યો હતો પરંતુ ગીતા બસરા એક વખત હરભજન માટે તૈયાર થઈ ગયા પછી તે પાછા પડ્યા નથી.

## બાઇડને ચીનના રાષ્ટ્રપતિ જિનિંગના વખાણ કરતા કંગના રનૌત લાલઘૂમ..!

(જી.એન.એસ)મુંબઈ,તા.૧૮

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને હાલમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાત કરી હતી. જો બાઈડને અમેરિકાના લોકોની સુરક્ષા, સ્વાસ્થ્ય અને જીવનની રક્ષા કરવાની સાથે સાથે સ્વતંત્ર અને મુક્ત ભારત પ્રશાંત વિસ્તારને રક્ષિત કરવાની પોતાના પ્રાથમિક્તાઓને લઈને વાત કરી હતી. એટલું જ નહીં બાઈડને ચીની રાષ્ટ્રપતિના વખાણ પણ કર્યા હતા.

હવે આ વાતને લઈને કંગના રનૌતે પોતાની પ્રતિક્રિયા આપી છે. કંગના રનૌત સોશિયલ મીડિયા ઉપર ખુબ જ એક્ટિવ રહે છે. કેટલીક વખત પોતાના બેબાક નિવેદનોના પગલે ચર્ચામાં પણ



રહે છે. હવે કંગના રનૌતે કેટલાક ટ્વિટ કરીને અમેરિકાના રાષ્ટ્રપતિ પર નિશાન સાધ્યું છે.

કંગના રનૌતે લખ્યું છે કે, જુઓ આ ચીનના આજ્ઞાકારી પાલતુ જાનવર કેવી પૂંછ હલાવી રહ્યા છે, વિનમ્રતા બતાવી રહ્યા છે. તે અમેરિકાના રાષ્ટ્રપિત છે કે ચીનના રાજદૂત ? આજે મને તમારા અમરિકી હોવા પર શરમ આવી રહી છે. ચીન દૂનિયાની સૌથી મોટી શક્તિ બની રહી છે. કારણ કે તમે તેને એક મહત્વનું સ્થાન આપ્યું છે.

કંગના રનૌતે વધુમાં લખ્યું હતું કે, એક નેતાને એક ક્રૂર, મોટા અવાજ વાળા થવું જોઈએ. ખાસ કરીને ભારત જેવી સભ્યતા માટે. જેણે પોતાના ઈતિહાસથી પાઠ નથી લીધો. એ મહત્વપૂર્ણ છે કે અમેરિકામાં જે કંઈ પણ થયું છે તેનાથી આપણને શિખવા મળે છે કે ભ્રમિત અને લોકોને ભટકવનારા યુવાનોએ પોતાના રાષ્ટ્રને ચીનને વેચી દીધુ છે. જો તમને લાગે છે કે હું અમેરિકાની રાજનીતિમાં રસ ધરાવું છું તો એવું કંઈ જ નથી.

## સુશાંતના ચાહકે ફિલ્મની વિરુદ્ધ અરજી દાખલ કરી

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૮

બોમ્બે હાઈકોર્ટે મનીષ મિશ્રા નામના સમાજસેવીને તેમની અરજીને લઈને સવાલ કર્યા છે, જે તેણી અપકમિંગ ફિલ્મ 'ન્યાયઃ ધ જસ્ટિસ'ની વિરુદ્ધ કરી હતી. પોતાને સુશાંત સિંહ રાજપૂતનો ફેન ગણાવતા મિશ્રાએ અરજીમાં દાવો કર્યો છે કે, એક્ટરના જીવન પર બનેલી આ ફિલ્મ તથ્યોની સાથે ચેડા કરીને તેમની છબીને ખરાબ કરશે. તેના પર સુનાવણી કરતા બુધવારે જસ્ટિસ પૃથ્વીરાજ ચૌહાણે મિશ્રાને પૂછ્યું, "તમને કેવી રીતે ખબર કે તેઓ શું બતાવવા જઈ રહ્યા છે?"

મનીષ મિશ્રાએ ૨૨ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ડિંડોશી કોર્ટમાં 'ન્યાયઃ ધ જસ્ટિસ'ની વિરુદ્ધ અરજી દાખલ




કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી હતી. બાદમાં મિશ્રાએ તેને હાઈકોર્ટમાં પડકારી હતી, જેના પર બુધવારે સુનાવણી થઈ. મિશ્રાએ પોતાની પિટિશનમાં કહ્યું કે, હજી સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુના કેસની તપાસ ચાલી રહી છે. સુશાંતે આત્મહત્યા કરી હતી કે તેની હત્યા કરવામાં આવી છે કે કેમ તે હજી સુધી સાબિત નથી થયું. તેથી નિર્માતાઓને 'ન્યાયઃ ધ જસ્ટિસ'ની રિલીઝ, એગ્જિબિશન, તેને દર્શાવવા અને તેની જાહેરાતને રોકવામાં આવે.

## 'સ્કેમ ૧૯૯૨' ફેમ અંજલી બારોટે બોયફ્રેન્ડ ગૌરવ અરોરા સાથે કર્યા લગ્ન

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૮

'સ્કેમ ૧૯૯૨'માં હર્ષદ મહેતાની પત્નીનો રોલ કરનારી એક્ટ્રેસ અંજલી બારોટે લગ્ન કર્યા છે. જેની સુંદર તસવીરો સામે આવી છે.

વેબ સીરિઝ સ્કેમ ૧૯૯૨માં હર્ષદ મહેતાની પત્નીનો રોલ કરનારી એક્ટ્રેસ અંજલી બારોટે લોન્ગટાઈમ બોયફ્રેન્ડ ગૌરવ અરોરા સાથે લગ્ન કરી લીધા છે. મંગળવારે એક્ટ્રેસના ધામધૂમથી લગ્ન થતા. અંજલી અને ગૌરવના લગ્નમાં પરિવારના સભ્યો તેમજ નજીકના મિત્રોને આમંત્રિત કરાયા હતા. આ સિવાય સ્કેમ ૧૯૯૨ના કો-સ્ટાર્સ શ્રેયા ધનવંતરી (સુચિતા દલાલ) અને જૈમિની પાઠકે (સિતારમણ) પણ



હાજરી આપી હતી.

અંજલી બારોટે તેના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર બેચરલ પાર્ટી, મહેંદી સેરેમની, હલ્દી સેરેમનીની ઢગલો તસવીરો શેર કરી છે.

અંજલીએ લગ્નના દિવસ માટે રેડ કલરના લહેંગા-ચોલી પર પસંદગી ઉતારી હતી. આ સાથે તેણે લાઈટ જ્વેલરી પહેરી હતી. તો તેના પતિએ વ્હાઈટ કલરની શેરવાની અને ફ્લોરલ પ્રિન્ટનો સાફો બાંધો હતો. એક્ટ્રેસે લગ્નની જે તસવીરો શેર કરી છે, તેમાંથી એકમાં તે પતિ સાથે ચા પીતી જોવા મળી રહી છે.

### આજનો ભાજપ એ હવે ભૂતકાળનો ભાજપ રહ્યો નથી, માત્ર થોડા લોકોની ચાલે છે મનમાની : એકાત્મ માનવવાદને વરેલો ભાજપ શું પોતાના મૂળ સિદ્ધાંત ભૂલી ગયો છે?

# શ્રી વિશ્વકર્મા સમાજના યુવા આગેવાન નરેન્દ્રભાઈ રાઠોડની સટાસટી અને સીધી વાત

ચક્વાત ટીમ રાજકોટ,તા.૧૯

વિશ્વકર્મા સમાજના યુવા અને જોશીલા નેતા તથા છેલ્લા ૩૫ વર્ષોથી ભાજપમાં વિવિધ પદ પર રહીને જવાબદારી સંભાળી રહેલા નરેન્દ્રભાઈ રાઠોડ દ્વારા આ ચૂંટણીમાં ભાજપના હું તું અને રતનીયાની ટોળી સામે આક્રોશ ઠાલવવામાં આવી રહ્યો છે અને ભાજપ દ્વારા થયેલી તેમની અવગણના બાબતે સીધી અને સ્પષ્ટ વાત કરી આ ચૂંટણીમાં તેમને સબક શીખડાવવા મતદારોને આહવાન કરવામાં આવ્યું છે. નરેન્દ્રભાઈ રાઠોડ સાથે થયેલી વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી મૂળભૂત રીતે શ્રી અટલ બિહારી વાજપાઈ સુધી તેમજ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની સ્થાપનાથી લઈને વિચારોને વરેલી પાર્ટી હતી. ભાજપ હંમેશા એકાત્મક માનવવાદના સિદ્ધાંતોને લઈને ચાલી રહ્યો હોય. તેવી તેની ઓળખ હતી.

**ભરવાડ સમાજ, રબારી સમાજ, દેવીપૂજક સમાજ કે ગઢવી-ચારણ સમાજને એકપણ ટીકીટ ન આપી ભાજપ દ્વારા ખુલ્લો અન્યાય**

આજે એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે શું ભાજપ હજુ પણ તેમના મૂળભૂત વિચારોને વરેલો છે? છેલ્લા થોડા સમય પહેલા એક અખબારના માધ્યમથી જાણવા મળેલ હતું કે કોંગ્રેસના ૩૪ ધારાસભ્યો હાલમાં ભાજપની ખુરશી પર બિરાજમાન છે. આ વાતથી એ સ્પષ્ટ થાય છે કે ભાજપને વર્ષો સુધી એમના માટે તન-મન-ધનથી કામ કરનાર કાર્યકર્તાઓ પર ભરોસો રહ્યો નથી. શું ભાજપની પોતાની તાકાત ખતમ થઈ ચુકી છે જેથી તેમને કોંગ્રેસના કાર્યકરોનો સહારો લેવો પડી રહ્યો છે કે લોકોનો ભાજપ પ્રત્યે મોહભંગ થયો છે અને પક્ષ ઉપરનો વિશ્વાસ ઉડતો જાય છે? હાલમાં રાજકોટ મહાનગરપાલિકાની ઈલેક્શન છે ત્યારે રાજકોટ શહેરની વાત કરીએ તો રાજકોટ શહેર ભાજપમાં હું તું અને રતનીયો જેવો માહોલ છે. ગુજરાત રાજ્યના કહેવાતા સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા જે લોકસેવાના કામો કરવામાં આવે છે તે લોકસેવાના કામ પર આ હું તું અને રતનીયો પાણીઢોળ કરી વ્યવસ્થિત રીતે મુખ્યમંત્રીને બદનામ કરી ગુજરાત તેમજ કેન્દ્રમાં તેમનું નામ ખરાબ કરી રહ્યા છે. રાજકોટ ભાજપની અંદર શું કાર્યકર્તાઓની ખોટ પડી છે? રાજકોટમાં એક વખત કોર્પોરેશનની ૬૦માંથી ૫૯ બેઠકો ભાજપના કાર્યકરોની તાકાત અને જૂસ્સાના પરિણામે ભાજપને મળેલ હતી. તે સમયે કોઈ કોંગ્રેસના કાર્યકરોને સાથે લેવાની જરૂર નહોતી પડી. ત્યારબાદ ૨૦૦૦ની સાલમાં કોંગ્રેસ સત્તા ઉપર આવી હતી અને ગયા વખતે જ ફક્ત ચાર સીટના તફાવતથી એટલે કે ૩૮-૩૪ જેવી પાતળી સરસાઈથી માંડ માંડ ભાજપ સત્તા સ્થાને પહોંચ્યો હતો. આ વખતે જે રીતે ભાજપના જમીની સ્તરના કાર્યકરો નારાજ છે તે જોતા લાગે છે કે ગયા વખતનો આંકડો આ વખતે ઉંધો પણ થઈ શકે છે. રાજકોટના ૧૮ વોર્ડમાં સ્થાનિક કાર્યકર્તાઓને વિશ્વાસમાં લીધા વગર આ રાજકોટ ભાજપના ધણીધોરી





થઈ બેઠેલા હું તું અને રતનીયો દ્વારા ટીકીટોની વહેંચણી કરવામાં આવી છે.

જે લોકો વર્ષોથી ભાજપમાં તન-મન-ધનથી કામ કરી રહ્યા છે તેવા સનિષ્ઠ કાર્યકર્તાઓને ધક્કો મારી બહાર હડસેલી દેવામાં આવ્યા છે. વોર્ડ નં. ૧૪ના સનિષ્ઠ કાર્યકર અને આગેવાન એવા અનીષ જોષીને જડમૂળમાંથી ટીકીટ કાપીને ફેંકી દેવામાં આવ્યા છે. વોર્ડ નં.૧૮માંથી હું એક માત્ર કડીયા સમાજમાંથી ટીકીટનો દાવેદાર હોવા છતાં અને મેં ૩૫ વર્ષ સુધી નિસ્વાર્થ ભાવે વિવિધ પદો પર રહીને પક્ષ માટે પરસેવો પાડ્યો હોવા છતાં મને ટીકીટ ન આપીને મારૂ તથા સમગ્ર કડીયા સમાજનું અપમાન કરેલ છે. તેવી જ રીતે ભાજપ દ્વારા અમદાવાદ શહેરમાં પણ કડીયા સમાજની એક પણ વ્યક્તિને ટીકીટ આપવામાં આવી નથી. વડોદરામાં પણ કડીયા સમાજની સંપૂર્ણ અનદેખી કરવામાં આવી છે. સુરત સમાજની અંદર કડીયા સમાજના સનિષ્ઠ કાર્યકર્તા કે જે સમગ્ર ગુજરાતમાં હાઈએસ્ટ મતોની લીડથી વિજેતા થયા હતા તેમની ટીકીટ પણ કાપી નાખવામાં આવી છે. તેમજ સુરતમાં કડીયા સમાજ સાથે અન્યાય કરવામાં આવ્યો છે.

**૮% વસતી ધરાવતા વિશ્વકર્મા સમાજને ટીકીટની ફાળવણીમાં ઘોર અન્યાય : નિષ્ઠાવાન કાર્યકરોની અવગણના આ ચૂંટણીમાં ભાજપને દઝાડશે તે નિશ્ચિત છે**

ખરેખર આ જ રીતે સમગ્ર વિશ્વકર્મા સમાજની વાત કરવામાં આવે તો સમગ્ર ગુજરાતમાં વિશ્વકર્મા સમાજની વસ્તી ૮% જેટલી છે. વિશ્વકર્મા સમાજ એ વિશ્વકર્મા દાદાના વંશજો અને સંતાનો છે કે જેમના દ્વારા આ સૃષ્ટીનું સર્જન થયું છે. આ બહોળા વિશ્વકર્મા સમાજમાંથી ફક્ત એક સુથાર સમાજના વ્યક્તિને જ ટીકીટ મળી છે. ખરેખર વસ્તીના પ્રમાણમાં જોઈએ તો ૮% વસ્તી ધરાવતા વિશ્વકર્મા સમાજને રાજકોટમાં ૬ ટીકીટ મળવી જોઈએ પરંતુ મળી છે માત્ર એક.... આમ ભાજપ દ્વારા વિશ્વકર્મા સમાજ સાથે અન્યાય કર્યા બાદ પણ તેના મતો અંકે કરવાનું પ્રચાર કાર્ય ચાલી રહ્યું છે તેને આ ચૂંટણીમાં જડબાતોડ જવાબ આપવાનો છે. ભાજપ દ્વારા કાયમ માટે ઓબીસી સમાજ સાથે પણ અન્યાય કરવામાં આવી રહ્યો છે. આ વખતે રાજકોટ મનપામાં ઓબીસી સમાજની મોટા સમા જેવા નાનાભાઈ ભરવાડ અને મોટાભાઈ ભરવાડ, રબારી સમાજ, દેવીપૂજક સમાજ કે ગઢવી-ચારણ સમાજને એકપણ ટીકીટ ન આપી તેમની સાથે ખુલ્લો અન્યાય કરવામાં આવ્યો છે. ગઢવી ચારણ સમાજ રાષ્ટ્રવાદની વિચારધારામાં હંમેશા સાથે રહ્યો હોવા છતાં આ વખતે તેમનો છેદ ઉડાડી દેવામાં આવ્યો છે. આ બધુ જોતા એ સ્પષ્ટ થાય છે કે અત્યારનો ભાજપ એ પહેલાનો ભાજપ રહ્યો નથી. ટીકીટોની વહેંચણી એ માત્રને માત્ર બે ત્રણ લોકો કરી રહ્યા છે જેમાં રાજકોટની અંદર આ હું તું અને રતનીયા દ્વારા વ્હાલા દોહલાની નીતિ અખત્યાર કરી સાચા અને સારા કાર્યકર્તાઓને બદલે તેમના માનીતાઓની તેમજ બીજા પક્ષની વિચારધારામાં માનતા હોય તેવા તકસાધુ લોકોને પણ ટીકીટ ફાળવી દેવામાં આવી છે. હું ભાજપના એ કહેવાતા આગેવાનોને જણાવવા માંગુ છું કે ભાજપ એ અમારા જેવા સનિષ્ઠ કાર્યકર્તાઓની મહેનતથી ઉભો થયેલો પક્ષ છે. મારી આ તકે ભાજપના તમામ કાર્યકર્તાઓ અને ભાઈઓ-બહેનોને વિનંતી છે કે રાજકોટ મહાપાલિકાની આ ચૂંટણીમાં જો સાચા કાર્યકરોની કદર કરાવવી હોય અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સાહેબ સુધી આપણો અવાજ પહોંચાડવો હોય તો ભાજપના આ હું તું અને રતનીયા દ્વારા પસંદ કરવામાં આવેલ ઉમેદવારોને યોગ્ય મતદાન કરીને પાઠ ભણાવો અને આવનારી ચૂંટણીમાં યોગ્ય રીતે મતદાન કરીને આ લોકોને સબક શિખવાડો.

**રાજકોટમાં હું તું અને રતનીયાની ટોળી દ્વારા સનિષ્ઠ કાર્યકર્તાઓને અવગણી પોતાના માનીતાઓને કરાઈ છે ટીકીટોની લહાણી**

### વિજયના દાવા વ્યક્ત કરતા બન્ને પક્ષોનાં નેતાઓ અને રાજકીય પંડિતોના રાજકીય ગણિતને મતદારો ઉથલાવી નાખશે

# ૬ મહાપાલિકાના મતદાનમાં ક્રોસ વોટીંગ પરિણામો બદલશે

**મતદારો સ્થાનિક ચૂંટણીઓમાં પક્ષ કરતાં ઉમેદવારને જોઈ મતદાન કરતા હોવાથી ક્રોસ વોટીંગ થશે તો કેટલીક પેનલો તુટશે**

ચક્વાત ટીમ રાજકોટ, તા.૧૯

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં પ્રથમ તબક્કામાં ૬ મહાપાલિકાનાં વિસ્તારમાં આજે સાંજથી પ્રચાર-પડઘમ અવધિ પૂર્ણ થતાં હવે આ મત વિસ્તારોમાં શાંત ડોર ટુ ડોર પ્રચાર ચાલુ થશે. બીજ તબક્કાનો પ્રચાર વેગ પકડશે. રાજ્યની સ્થાનિક ચૂંટણીઓમાં મુખ્ય હરીફ પક્ષો ભાજપ અને કોંગ્રેસ માટે અપક્ષો આપ તેમજ અન્ય પક્ષો રાજનેતાઓનાં રાજકીય ગણિતમાં ઉથલપાથલ સર્જી શકે તેવો મત વ્યક્ત થઈ રહ્યો છે. ત્યારે બન્ને મુખ્ય હરીફ પક્ષો ભાજપ-કોંગ્રેસ પોતાને બહુમતિ મળતી હોવાના દાવા વ્યક્ત કરી કાર્યકરોનો ઉત્સાહ ટકાવી રાખવા પ્રયાસ કરે છે. પરંતુ બન્ને પક્ષોમાં આંતરિક અસંતોષ તેમજ બળવાખોરીનાં રોપાયેલ બીજનાં કારણે સ્થાનિક ચૂંટણીમાં જાતિ-જ્ઞાતિ આધારિત ગણત્રીમાં મતદારો ક્રોસ વોટીંગ કરે તેવા કાર્યકરોમાંથી વાવડ મળતાં બન્ને પક્ષનાં નેતાઓ-ઉમેદવારો કેટલાય વિસ્તારોમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે.

**મતદારોની મુખ્ય સમસ્યા મોંઘવારી, ભાવવધારા બેરોજગારી, ભ્રષ્ટ્રાચાર જેવા મુદ્દાઓને જાણી જોઈને દૂર રખાય પણ કેટલીક પાર્ટીએ આ મુદ્દા ઉછાળ્યા**

રાજ્યની જે મહાપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો કે નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી ઉપરાંત કેટલાક સ્થળે પેટા ચૂંટણી પણ યોજવા ચૂંટણી પંચે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરેલ છે તે અનુસાર પ્રચાર-મતદાનની કામગીરી આગળ ધપી રહી છે. હવે ૬ મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર મહાપાલિકાનું મતદાન ૩૬ કલાક બાદ યોજાનાર છે.

રાજ્યની ૬ મહાપાલિકામાં સત્તા પ્રાપ્તિના જંગમાં ભાજપ-કોંગ્રેસ, આપ, એન.સી.પી. તેમજ અન્ય પક્ષો પણ ઝુકાવી ચૂક્યા છે. નવા આવેલા પક્ષોએ મુખ્ય પ્રતિસ્પર્ધી માનવામાં આવતાં ભાજપ-કોંગ્રેસનાં નેતાઓ-રાજકીય પંડિતોની ઉમેદવારી પસંદગીથી મતદાન સુધીની પ્રક્રિયા દરમ્યાન ચિંતામાં સતત વધારો બદલતા રાજકીય સમીકરણોએ કરેલ છે.

એક તરફ સતાધારી પક્ષને મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, પેટ્રોલના સતત વધતા ભાવો બાદ હવે સામાન્ય માનવીની જીવન જરૂરી ચીજવસ્તુઓ સાથે શાકભાજીનાં ભાવોમાં છેલ્લા બે દિવસથી આવતાં ઉછાળાએ ચિંતા ઉપજાવેલ હતી. તદ્ઉભરાંત પક્ષમાં થતી બળવાખોરી તથા આંતરિક મતભેદોએ નેતાઓની ચિંતામાં વધારો કરેલ છે. જો કે આંતરિક અસંતોષાની સમસ્યા કોંગ્રેસમાં પણ વ્યાપેલ છે. કોંગ્રેસમાં બળવાખોરી પણ થયેલ છે. એકંદરે બન્ને પક્ષો પોતાની આંતરિક સ્થિતી સમજી રહ્યા છે. માટે 'દૂધનો દાઝયો છાસને પણ ફૂકી ફૂકીને પીવે' તેવો ઘાટ ઘડાયો છે.

રાજ્યમાં સ્થાનિક ચૂંટણી યોજાનાર હોવાથી કોઈ મોટા નેતાઓની હાજરી મોટો ફરક પાડી શકે તેમ ન હોવાથી આ ચૂંટણીમાં મોટા નેતાઓ પ્રચારથી મોટા ભાગે દૂર રહ્યો છે. ઉમેદવારોની પસંદગી સ્થાનિક વસ્તિ અને વિસ્તારને ધ્યાને લઈને કરવામાં આવ્યા બાદ પણ રાજ્યની ૬ મહાપાલિકાની બેઠકોમાં પક્ષ દ્વારા નિશ્ચિત કરી મેદાનમાં ઉતારવામાં આવેલ પેનલોમાં પણ કોઈ બહાના હેઠળ ઠેર ઠેર ક્રોસ વોટીંગ થવાના એંધાણ આગેવાનોને દેખાય રહ્યા છે. જો મતદાન દરમ્યાન ક્રોસ વોટીંગ થાય તો કેટલાક વોર્ડનાં પરિણામોમાં પણ રાજકીય પંડિતોની ગણત્રી કરતાં જુદા જ પરિણામો આવી શકે તેવી સંભાવનાઓ જન્મ લેતી હોવાથી ભાજપ-કોંગ્રેસના નેતાઓની ચિંતામાં છેલ્લી ઘડીએ વધારો થઈ રહ્યો છે.

**આગામી પાંચ વર્ષમાં મતદારોની મુશ્કેલીઓ દૂર કરવા સમાન હથેળીમાં ચાંદ બતાવવ્યા? વચનો બાદ મતદારો કોના તરફ ઢળશે??**

૬ મહાપાલિકાનાં વોર્ડોમાં પક્ષ દ્વારા જે પેનલો ઉતારવામા આવેલ છે તેમાં પણ અનેક સ્થળે તમામ ઉમેદવારો જાહેરમાં પેનલને જીવાડવાનો પ્રચાર-પ્રયાસ કરે છે. પરંતુ અંદરખાને (મૂંગો પ્રચારમાં) કંઈક જૂદો જ સંદેશો વહેતો હોવાથી મતદારો પણ અનેક વોર્ડમં ક્રોસ વોટીંગ કરશે તેવું લાગી રહ્યું છે.

હવે પછીનાં પાંચ વર્ષમાં મતદારો-જનતાને ન્યાલ કરી દેવાના હથેળીમં ચાંદ બતાવવાનાં મતદારોને આકર્ષવા (લલચાવવા)નાં પ્રયાસ કરવામાં આવે છે. આજે સરળતા, સાદગી અને સંતોષની વાતો કરતા નજરે ચડતા ઉમેદવારો-નેતાઓ ચૂંટણી પછી મતદારોની કેટલી સાર-સંભાળ લે છે તે મહત્વનો મુદ્દો છે. આ બાબતને ધ્યાને લઈ જનતા વચ્ચે રહેતા અને સતત દોડતા હોય તેવા ઉમેદવારો તો કોઈ જ ચિંતા વગર આગળ ધપી પોતાના વિજયનો વિશ્વાસ વ્યક્ત કરેછે પણ આવા ઉમેદવારોની સંખ્યા દરેક મહાપાલિકામાં આંગળીના વેઢે ગણી શકાય તેટલી છે. મોટા ભાગના ઉમેદવારો પક્ષના, નેતાના કે અન્ય

**સ્થાનિક ચૂંટણી હોવાથી રાજ્ય કે રાષ્ટ્રીય નેતાઓની મોટાભાગે પ્રચારમાં ગેરહાજરી જોવા મળી**

સમીકરણોના આધારે ચૂંટણી લડતા હોવાથી મતદાનમાં મતદાર તરફથી પણ ક્રોસ વોટીંગ અનેક વોર્ડમાં થાય તેવા સંકેતો બહાર આવતાં ઉમેદવારો તેમજ સત્તા પ્રાપ્તિના ધ્યેય સુધી પહોંચવા થનગનતા નેતાના માર્ગમાં ક્રોસ વોટીંગ સહિતના અનેક મુદ્દાઓ સ્પીડ બ્રેકર બનવા જઈ રહ્યા છે. જો કે પાર્ટીઓ ધ્વારા પોતાનાં ઉમેદવારોની જાહેર કરાયેલ પેનલને જીતાડવાની જવાબદારી પેનલનાં મુખ્ય ઉમેદવારને સોંપેલ હોવાનું કહેવાય છે.

રાજકીય સમીકરણોમાં આગળ નીકળવાના ગણિતમાં કોઈ પોતાનો સાથી તેનાથી આગળ નીકળી જઈ ભવિષ્યમં નેતા ન બને તેવા પ્રયાસો થકી તેનો રાજકીય વિકાસ અટકાવવા પણ અંદરખાને ચાલતા પ્રયાસો પક્ષને આખરે નુકશાનકારક સાબિત થશે! વર્તમાન ચૂંટણીમાં મતદારો પણ પક્ષ કરતા ઉમેદવારને જોતા હોય તેવું લાગી રહ્યું છે.










Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)